કલાપૂર્ણ સ્વાધ્યાય

૪૦

# શ્રી ધર્મરત્ન પ્રકરણમ્ (સાર્થમ્)

# શ્રી હૃદયપ્રદીપ ષટ્ત્રિંશિકા

: સંપાદક :

પૂ. પંન્યાસ શ્રી પૂર્ણચન્દ્ર વિજયજી મ.સા.

: પ્રેરક :

પૂ. મુનિ શ્રી અમિતયશવિજયજી મ.સા.

॥ શ્રી શત્રુંજય મહાતીર્થાય નમઃ ॥

॥ શ્રી પદ્મ-જીત-હીર-કનક-દેવેન્દ્ર-કંચન-કલાપૂર્ણસૂરિ સદ્ગુરુભ્યો નમઃ ॥

# ધર્મરત્ન પ્રકરણ

## હૃદયપ્રદીપ (સાર્થ)

## કુમારપાળ ભૂપાલ રચિત સ્તુતિ

-: દિવ્યાશિષ દાતા :-

પ. પૂ. અધ્યાત્મયોગી આચાર્ય ભગવંત

શ્રી વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.

-: શુભાશિષ દાતા :-

પ. પૂ. મધુરભાષી આચાર્ય ભગવંત

શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મ.સા.

-: સંપાદક :-

પ. પૂ. પંન્યાસ પૂર્ણચન્દ્રવિજયજી મ.સા.

-: પ્રેરક :-

મુનિશ્રી અમિતયશવિજયજી મ.સા.

પુસ્તક : ધર્મરત્ન પ્રકરણ આદિ ત્રણ ગ્રન્થ સાર્થમ્
સંપાદક : પ. પૂ. પંન્યાસ પૂર્ણચન્દ્રવિજયજી મ.સા.
પ્રકાશક : શ્રી જિનશાસન સેવાકેન્દ્ર, શંખેશ્વર તીર્થ
નકલ : ૧૦૦૦ (પ્રથમ આવૃત્તિ)
મૂલ્ય : રૂા. ૧૫/-

## પ્રાપ્તિસ્થાન

મહાવીર જૈન ઉપકરણ ભંડાર (દિનેશભાઈ મણીયાર)
યાત્રિક ભુવન પાસે, શંખેશ્વર (મો. ૯૭૨૭૦૩૯૬૩૧)

---

શ્રી પાર્શ્વનાથ ઉપકરણ ભંડાર (ગિરીશભાઈ કોઠારી)
જૈન ભોજનશાળાની બાજુમાં, શંખેશ્વર (મો. ૯૮૯૮૧૯૫૦૫૨)

---

શ્રી પાર્શ્વનાથ પુસ્તક ભંડાર (મહેન્દ્રભાઈ કોઠારી),
આનંદ ભુવનની સામે, તળેટી રોડ, પાલીતાણા
(મો. ૯૮૭૯૭૪૪૯૪૮)

---

સુઘોષા કાર્યાલય : તળેટી રોડ, પાલીતાણા
(મો. ૯૮૯૮૨૨૩૩૪૫)

---

મુદ્રક : વિરલ ટ્રેડર્સ, અમદાવાદ, મો. : ૯૮૨૪૮ ૯૪૯૩૩

# દ્રવ્ય સહાયક

## પંન્યાસ પ્રવર
## શ્રી પૂર્ણચન્દ્ર વિજયજી
## મ.સા.ની પ્રેરણાથી શ્રી
## આધોઈ વીસા ઓસવાળ
## જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ
## (જ્ઞાનદ્રવ્ય)

આધોઈ, શાહૂનગર,
તા. ભચાઉ - કચ્છ

# પ્રસ્તાવના

જૈન સંઘમાં પ્રાચીન આચાર્યશ્રી શાંતિસૂરિ વિરચિત "ધર્મરત્ન પ્રકરણ" વિખ્યાત ગ્રન્થ છે. જેના વિવિધ વિષયો ઉપર અનેક આચાર્ય ભગવંત આદિ સાધુ - મહાત્માઓ પ્રવચન અમૃતની રસધારા પ્રવાહિત કરે છે. આ ગ્રન્થ પર અનેક વિસ્તૃત વિવેચનો પ્રવચનો પુસ્તકો પ્રગટ થયેલ છે.

શ્રાવક ધર્મ અને સાધુ ધર્મ બન્ને માટે આ ગ્રન્થ અત્યંત આવશ્યક છે. જેમાં અનેક વિષયોને આવરી લેવા પૂર્વક તે તે ગાથાઓ - શ્લોકોમાં સુંદર છણાવટ - રહસ્યો સાથે મજેદાર સંક્ષિપ્ત વ્યાખ્યાઓ કરેલ છે.

સૌ પ્રથમ ધર્મ રત્નનું અનુપમ મહત્ત્વ બતાવવાપૂર્વક શ્રાવકના ૨૧ ગુણોની વિશદ માહિતી છે. ચાતુર્માસમાં આ ગ્રન્થ વાંચન સાથે ૨૧ ગુણો પર

વ્યાખ્યાન માળાઓ આયોજિત થાય છે. ભાવશ્રાવકના ૭ લક્ષણો, ૧૭ લિંગો વિગેરે પ્રગટ સુંદર વાતો બતાવી છે તથા તે તે લક્ષણોના પરિપાલનથી ભાવ સાધુતા - છટ્ઠા ગુણ સ્થાનકના અધ્યવસાયો પ્રગટ થાય છે. ભાવ સાધુના સાત્ લક્ષણો વિગેરેનું પણ હૃદયંગમ વિવેચન છે. ખરેખર આ ગ્રન્થ કંઠસ્થ પણ કરવા યોગ્ય છે તથા તેના દરેક પદાર્થો હૃદયમાં ધારણ કરવા યોગ્ય છે.

આ ગ્રન્થનો સંક્ષિપ્ત અનુવાદ પૂ. આ. શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મ.સા. (બાપજી મ.સા.) એ વર્ષો પૂર્વે કરેલ છે, તેમાંથી ઉદ્ધરણ કરેલ છે.

આ નાનકડી પુસ્તિકા દરેક સાધુ - સાધ્વીને, મુમુક્ષુઓને, જિજ્ઞાસુ શ્રાવક - શ્રાવિકાઓને ઉપયોગી બને તે હેતુથી સંપાદન કરવામાં આવેલ છે.

હૃદયપ્રદીપ ગ્રન્થ તેમજ કુમારપાળ ભૂપાલ વિરચિત સાધારણ જિન સ્તવન પણ અત્યંત અદ્ભુત

છે, જે બંને ગ્રન્થ વ્યાખ્યાન તથા પ્રભુભક્તિમાં અત્યંત ઉપયોગી છે, તે બન્ને પણ કંઠસ્થ અને ભાવિત કરવા યોગ્ય છે.

મુનિશ્રી અમિતયશવિજયજી પ્રેરિત કલાપૂર્ણ સ્વાધ્યાયની સીરીઝમાં આ ગ્રન્થના સંપાદનમાં મારાથી કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો મિચ્છામિદુક્કડમ્. આ ગ્રન્થનો ઘણો પ્રચાર પ્રસાર થાય તેવી શુભાભિલાષા:

સંવત ૨૦૬૭ **પંન્યાસ પૂર્ણચન્દ્ર વિજયજી મ.સા.**
ભાદરવા સુ ૯
તા. ૭-૯-૨૦૧૧
ખીમઈબેન જૈન ધર્મશાળા
પાલીતાણા

अथ श्री शान्तिसूरिजीविरचितम्

# ॥ श्रीधर्मरन्तप्रकरणम् सार्थम् ॥

नमिऊण सयलगुणरयण-कुलहरं विमलकेवलं वीरं ।
धम्मरयणत्थिआणं, जणाण वियरेमि उवएसं ॥१॥

સઘળા ગુણોરૂપી રત્નોના ઉત્પત્તિસ્થાનભૂત નિર્મળ કેવળજ્ઞાનવાળા શ્રીવીરપ્રભુને નમસ્કાર કરીને ધર્મરૂપ રત્નના અર્થી જીવોને હું (શ્રીશાન્તિસૂરિ) ઉપદેશ કરૂં છું. (૧)

भवजलहिम्मि अपारे, दुलहं मणुयत्तणं पि जंतूणं ।
तत्थ वि अणत्थहरणं, दुलहं सद्धम्मवररयणं ॥२॥

અપાર એવા સંસાર સમુદ્રમાં પ્રાણિઓને મનુષ્યપણું મળવું તે પણ દુર્લભ છે અને તેમાં (ત્યાં) પણ સઘળા અનર્થોનો નાશ કરનારા સદ્ધર્મરૂપ શ્રેષ્ઠરત્ન તો અતિ દુર્લભ છે. (૨)

जह चिंतामणिरयणं, सुलहं न हु होइ तुच्छविहवाणं ।
गुणविहववज्जियाणं, जियाण तह धम्मरयणं पि ॥३॥

જેમ અલ્પવૈભવ (રિદ્ધિ) વાળાઓને ચિન્તામણી રત્ન મળવું સુલભ નથી તેમ (સામાન્ય ભૂમિકારૂપ) ગુણ-સંપત્તિથી રહિત જીવોને ધર્મરત્ન મળવું પણ સ્હેલું નથી. (૩)

इगवीसगुणसमेओ, जोगो एयस्स जिणमए भणिओ ।
तदुवज्जणंमि पढमं, ता जइयव्वं जओ भणियं ॥४॥

શ્રીજિનેશ્વરોના આગમમાં જે એકવીશ ગુણવાળો હોય તે ધર્મરત્નને પામવા માટે યોગ્ય કહેલો છે માટે તે ગુણોને મેળવવા સહુ પ્રથમ પ્રયત્ન કરવો જોઈએ કારણ કહ્યું છે કે- (૪)

धम्मरयणस्स जोग्गो, अक्खुद्दो रूववं पयइसोमो ।
लोगप्पिओ अकूरो, भीरू असढो सुदक्खिन्नो ॥५॥
लज्जालुओ दयालू, मज्झत्थो सोमदिट्ठि गुणरागी ।
सक्कह सुपक्खजुत्तो, सुदीहदरिसी विसेसन्नू ॥६॥

वुड्ढाणुगो विणीओ, कयन्नुओ परहियत्थकारी य ।
तह चेव लद्धलक्खो, इगवीसगुणेहि संजुत्तो ॥७॥

ધર્મરત્નને પામવાની યોગ્યતાવાળો જીવ ૧-અક્ષુદ્ર, ૨-રૂપવાન, ૩-સૌમ્યપ્રકૃતિવાળો - સ્વભાવે શાન્ત, ૪-લોકપ્રિય, ૫-અક્રુર, ૬-પાપભીરૂ, ૭-અશઠ, ૮-સુદાક્ષિણ્યવાળો - પ્રાર્થના ભંગભીરૂ, ૯-લજ્જાળુ, ૧૦-દયાળુ, ૧૧-મધ્યસ્થ એવી સૌમ્ય દષ્ટિવાળો, ૧૨-ગુણાનુરાગી, ૧૩-સત્કથાપ્રિય, ૧૪-ઉત્તમ પરિવારવાળો, ૧૫-સુદીર્ઘદર્શી-પર્યાલોચક, ૧૬-વિશેષજ્ઞ-સારાસારમાં વિવેકી, ૧૭-વૃદ્ધ (ડાહ્યા) પુરૂષોને અનુસરનારો, ૧૮-વિનીત, ૧૯-કૃતજ્ઞ, ૨૦-પરનું હિત કરનારો, અને ૨૧-લબ્ધલક્ષ્ય-ધર્માચરણના લક્ષ્યવાળો. એમ એકવીશ ગુણોથી યુક્ત હોય છે. (૫-૬-૭)

खुद्दो त्ति अगंभीरो, उत्ताणमई न साहए धम्मं ।
सपरोवयारसत्तो, अक्खुद्दो तेण इह जोग्गो ॥८॥

એ એકવીશ ગુણોનું સ્વરૂપ ક્રમશઃ કહે છે કે -

**૧ - અક્ષુદ્ર**-ક્ષુદ્ર એટલે તુચ્છ (છીછરા પેટવાળો) અને ઉછાંછળી બુદ્ધિવાળો ધર્મને સાધી શકતો નથી માટે સ્વ-પર ઉપકાર કરવામાં સત્ત્વવાળો ગમ્ભીર જીવ ધર્મ પામવામાં યોગ્ય કહ્યો છે. (૮)

संपुन्नंगोवंगो, पंचिंदियसुंदरो सुसंघयणो ।
होइ पभावणहेउ, खमो य तह रूववं धम्मे ॥९॥

**૨ - રૂપવાન્** - હાથ-પગ વિગેરે અંગોપાંગ સમ્પૂર્ણ હોય, પાંચે ઈન્દ્રિયો સુન્દર (પોત પોતાનું કામ કરે તેવી) હોય અને શરીરનો બાંધો સારો (મજબૂત) હોય તેવો રૂપવાન્ ધર્મ કરવામાં સમર્થ થાય અને શાસનનો - ધર્મનો પ્રભાવક બને. (૯)

पयईसोमसहावो, न पावकम्मे पवत्तई पायं ।
हवइ सुहसेवणिज्जो, पसमनिमित्तो परेसिं पि ॥१०॥

**૩-પ્રકૃતિસૌમ્ય** - શાન્તપ્રકૃતિ (ઉપશમ)વાળો વિષય - કષાયોની વૃત્તિ શાન્ત હોવાથી પ્રાયઃ પાપકાર્યો ન કરે, બીજાઓ તેની સેવા (પ્રસન્ન) સુખપૂર્વક કરી શકે અને તે

પણ બીજાઓને પ્રશમનું (ઉપશમનું) નિમિત્ત બને. (૧૦)

इहपरलोयविरुद्धं, न सेवए दाणविणयसीलड्ढो ।
लोअप्पिओ जणाणं, जणेइ धम्मंमि बहुमाणं ॥११॥

**૪ લોકપ્રિય** - જે આલોક-પરલોક વિરૂદ્ધ કાર્યો ન કરે અને દાન, વિનય, સદાચાર (શીયળ) વાળો હોય, તે લોકોને પ્રિય હોય, એથી તે મનુષ્યોને ધર્મમાં બહુમાન પ્રગટ કરે. (૧૧)

कूरो किलिट्ठभावो, सम्मं धम्मं न साहिउं तरइ ।
इय सो न एत्थ जोगो, जोगो पुण होइ अक्कूरो ॥१२॥

**૫ અક્રૂર** - ક્રૂર મનુષ્ય કિલષ્ટ•(દુષ્ટ) સ્વભાવવાળો હોવાથી ધર્મને સુન્દર રીતે સાધી ન શકે તેથી તે ધર્મરત્નની પ્રાપ્તિમાં યોગ્ય નથી, પણ જે અક્રૂર હોય તે યોગ્ય છે. (૧૨)

इहपरलोगावाए, संभावेंतो न वट्टई पावे ।
बीहइ अयसकलंका, ता खलु धम्मारिहो भीरू ॥१३॥

**૬ ભીરૂ** - આલોકમાં પરલોકમાં દુઃખ ભોગવવાં

પડે એમ માનીને પાપભીરૂ પાપ કાર્યોમાં પ્રવૃત્તિ ન કરે, અપયશ રૂપ કલંકથી ડરે તેથી પાપભીરૂ નિશ્ચે ધર્મપ્રાપ્તિ માટે યોગ્ય છે. (૧૩)

असढो परं न वंचइ, वीससणिज्जो पसंसणिज्जो य ।
उज्जमइ भावसारं, उचिओ धम्मस्स तेणेसो ॥१४॥

**૭ અશઠ** - જે અશઠ (માયાવી ન) હોય તે બીજાને ઠગે નહિ, વિશ્વાસ કરવા લાયક અને પ્રશંસનીય હોય, શુભ (શુદ્ધ) ભાવપૂવક આત્મશુદ્ધિ માટે ઉદ્યમ કરે તે કારણે તે ધર્મ માટે યોગ્ય જાણવો. (૧૪)

उयरइ सुदक्खिन्नो, परेसिमुज्झिय सकज्जवावारो ।
तो होइ गेज्झवक्कोऽणुवत्तणीओ य सव्वस्स ॥१५॥

**૮ સુદાક્ષિણ્ય** - દાક્ષિણ્ય ગુણવાળો પ્રાર્થનાભંગભીરૂ હોવાથી પોતાનું કામ છોડીને પણ બીજાઓને ઉપકાર કરે તેથી તેનું વચન બીજાઓ માને અને સહુ તેનું અનુકરણ કરે. (અનુસરે) (૧૫)

लज्जालुओ अकज्जं, वज्जइ दूरेण जेण तणुयं पि ।
आयरइ सयायारं, न मुयइ अंगीकयं कहवि ॥१६॥

**૯ લજ્જાળુ** - લજ્જાળુ આત્મા ન્હાવું પણ અકાર્ય દૂરથી જ તજે (તેને ખરાબ કાર્ય કરતાં લજ્જા આવે), સદાચારને આચરે અને લજ્જાથી અંગીકાર કરેલું કાર્ય કોઈ રીતે છોડે નહિ (પૂર્ણ કરે). (૧૬)

मूलं धम्मस्स दया, तयणुगयं सव्वमेवणुट्ठाणं ।
सिद्धं जिणिंदसमए, मग्गिज्जइ तेणिह दयालू ॥१७॥

**૧૦ દયાળુ** - ધર્મનું મૂળ દયા છે, શ્રીજિનેશ્વરના આગમમાં સર્વ અનુષ્ઠાનો દયાપૂર્વક કરેલાં જ સત્ય કહ્યાં છે - દયાપૂર્વક જ કરવાનું કહેલું છે, તેથી ધર્મમાં દયાળુ અધિકારી છે. (૧૭)

मज्झत्थसोमदिट्ठी, धम्मवियारं जहट्ठियं मुणइ ।
कुणइ गुणसंपओगं, दोसे दूरं परिच्चियइ ॥१८॥

**૧૧ મધ્યસ્થ સૌમ્યદષ્ટિ** - નિષ્પક્ષપાતી અને શાન્ત

(દ્વેષ રહિત) દષ્ટિવાળો હોય તે ધર્મના સ્વરૂપને યથાર્થ રીતે જાણી - સમજી શકે, એથી જ્ઞાનાદિ ગુણોનો રાગ (સંબંધ) કરે અને અજ્ઞાનાદિ દૂષણોને દૂરથી તજે. (૧૮)

गुणरागी गुणवंते, बहु मन्नइ निग्गुणे उवेहेइ ।
गुणसंगहे पवत्तइ, संपत्तगुणं न मयलेइ ॥१९॥

**૧૨ ગુણાનુરાગી** - ગુણનો રાગી ગુણવાનોનું બહુમાન કરે, નિર્ગુણીઓની ઉપેક્ષા કરે, ગુણો મેળવવામાં પ્રયત્ન કરે અને પ્રાપ્ત થયેલા ગુણોને મલિન (દૂષિત) ન કરે. (૧૯)

नासइ विवेगरयणं, असुहकहासंगकलुसियमणस्स ।
धम्मो विवेगसारो त्ति, सक्कहो होज्ज धम्मत्थी ॥२०॥

**૧૩ સત્કથાપ્રિય** - અશુભ (પાપરૂપ વિષય-કષાયા-દિની વૃદ્ધિ થાય તેવી) વાર્તાઓ સાંભળવાથી કલુષિત મનવાળા થએલા જીવનું વિવેક (સારાસારાના વિવેક રૂપી) રત્ન નાશ પામે અને ધર્મ તો વિવેકપ્રધાન (હિતાહિતના જ્ઞાનવાળાને) હોય છે તેથી ધર્મનો અર્થી

સત્કથાની રૂચિવાળો હોય. (૨૦)

अणुकूलधम्मसीलो, सुसमायारो य परियणो जस्स ।
एस सुपक्खो धम्मं, निरंतरायं तरइ काउं ॥२१॥

**૧૪ સુપક્ષવાન્** - જેને દરેક ધર્મ કાર્યોમાં અનુકૂળ (સહાયક), ધર્મ કરવાના સ્વભાવવાળો અને સદાચારી પરિવાર હોય તે સુપક્ષવાળો નિર્વિઘ્ને ધર્મ કરી શકે. (૨૧)

आढवइ दीहदंसी, सयलं परिणामसुंदरं कज्जं ।
बहुलाभमप्पकेसं, सलाहणिज्जं बहुजणाणं ॥२२॥

**૧૫ દીર્ઘદર્શી** - દીર્ઘ-(પરિણામ) દર્શી-વિચારક હોય તે સઘળાં કાર્યો જેનું પરિણામ (ફળ) સારૂં હોય અલ્પ ક્લેશ (મહેનત) થી વધુ લાભ મળે અને ઘણા મનુષ્યોને પ્રશંસા કરવવા યોગ્ય ઉત્તમ હોય તેવાં જ કાર્યો આરમ્ભે. (૨૨)

वत्थूणं गुणदोसे, लक्खइ अपक्खवायावेण ।
पाएण विसेसन्नू, उत्तमधम्मारिहो तेण ॥२३॥

**૧૬ વિશેષજ્ઞ** - વિશેષ (તારતમ્ય)નો જાણ વિશેષજ્ઞ

હોય તે પ્રાયઃ નિષ્પક્ષપાતપણે વસ્તુ (પદાર્થ) ના ગુણોને ગુણરૂપે અને દોષોને દોષરૂપે સમજી (ઓળખી) શકે તેથી તે ઉત્તમ ધર્મને પામવા લાયક (પામી શકે) છે. (૨૩)

वुड्ढो परिणयबुद्धी, पावायारे पवत्तई नेय ।
वुड्ढाणुगो वि एं, संसग्गिकया गुणा जेण ॥२४॥

**૧૭ વૃદ્ધાનુગ** - જેની બુદ્ધિ પરિણત (પરિપક્વ-કસાએલી) હોય તે વૃદ્ધ કહેવાય, તેથી તેવો પાપ કાર્યોમાં પ્રવૃત્તિ ન કરે. તેથી વૃદ્ધની સલાહને અનુસરનારો વૃદ્ધાનુગ પણ એ રીતે (પાપથી દૂર) રહે, કારણ કે ગુણો (અથવા દોષો) પ્રાયઃ સોબતને અનુસારે હોય છે. (ગુણવાનની સોબતથી ગુણો પ્રગટે છે.) (૨૪)

विणओ सव्वगुणाणं, मूलं सन्नाणदंसणाईणं ।
मोक्खस्स य ते मूलं, तेण विणीओ इह पसत्थो ॥२५॥

**૧૮ વિનીત** - સમ્યક્ જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ સર્વ ગુણોનું મૂળ વિનય છે અને મોક્ષનું ફળ તે ગુણો છે એથી

ગુણપ્રાપ્તિ અને તેના ફળરૂપ મોક્ષ મેળવવામાં (ધર્મમાં) વિનીત પ્રશસ્ત છે. (લાયક કહ્યો છે.) (૨૫)

बहुमन्नइ धम्मगुरुं, परमुवयारित्ति तत्तबुद्धीए ।
तत्तो गुणाण वुड्ढी, गुणारिहो तेणिह कयन्नू ॥२६॥

**૧૯ કૃતજ્ઞ** - (સંસારરૂપ કુવામાં પડતાં મને બચાવ્યો એવી) તત્ત્વબુદ્ધિથી આ મારા 'પરમ ઉપકારી છે' એમ કૃતજ્ઞ ધર્મગુરૂનું બહુમાન કરે તેથી તેનામાં ગુણોની વૃદ્ધિ થાય, માટે ધર્મના અધિકારમાં કૃતજ્ઞ પુરૂષ ગુણ પ્રાપ્તિ માટે લાયક કહ્યો છે. (૨૬)

परहियनिरओ धन्नो, सम्मं विन्नायधम्मसब्भावो ।
अन्ने वि ठवइ मग्गे, निरीहचित्तो महासत्तो ॥२७॥

**૨૦ પરહિતકારી** - અન્યનું હિત કરવાના સ્વભાવવાળો જીવ ધન્ય છે, સમ્યગ્ રીતે ધર્મના રહસ્યોનો જાણ, નિઃસ્પૃહ અને સત્ત્વશાળી તે બીજાઓને પણ ધર્મમાર્ગમાં જોડે છે, સ્થિર કરે છે. (૨૭)

लक्खेइ लद्धलक्खो, सुहेण सयलं पि धम्मकरणिज्जं ।
दक्खो सुसासणिज्जो, तुरियं च सुसिक्खिओ होइ ॥२८॥

**૨૧ લબ્ધલક્ષ્ય** - જે ધર્મના લક્ષ્યવાળો હોય તે સકળ ધર્મ કાર્યોને સહેલાઈથી સમજી શકે છે, તેથી ચતુર અને સહેલાઈથી સમજાવી શકાય તેવો તે જલ્દી (અલ્પ કાળમાં) ધર્મને શીખી લે છે. (૨૮)

एए इगवीसगुणा, सुयाणुसारेण किंचि वक्खाया ।
अरिहंति धम्मरयणं, घेत्तुं एएहि संपन्ना ॥२९॥

એ એકીશ ગુણો અન્ય ગ્રન્થોને આધારે અહીં ટૂંકમા કહ્યા, જે આત્માઓ આ ગુણોથી યુક્ત હોય, તેઓ ધર્મરત્નને પામવા માટે યોગ્ય છે. (૨૯)

पायद्धगुणवविहीणा, एएसिं मज्झिमावरा नेया ।
एत्तो परेण हीणा, दरिद्दपाया मुणेयव्वा ॥३०॥

એ ગણોમાં ચોથા ભાગના ગુણો જેનામાં ઓછા હોય તે ધર્મરત્નની પ્રાપ્તિ માટે મધ્યમ અને અડધા ઓછા હોય તે

જઘન્ય જાણવા; એથી પણ ઓછા ગુણવાળા હોય તે દરિદ્ર જેવા જાણવા. અર્થાત્ દરિદ્ર ચિન્તામણીને મેળવી શકે નહિ તેમ અડધાથી ઓછા ગુણવાળો ધર્મરત્નને પામી શકે નહિ. (૩૦)

धम्मरयणत्थिणा तो, पढमं एयज्जणंमि जइयव्वं ।
जं सुद्धभूमिगाए, रेहइ चित्तं पवित्तं पि ॥३१॥

માટે ધર્મરત્નના અર્થીએ પહેલાં આ ગુણો પ્રાપ્ત કરવા ઉદ્યમ કરો જોઈએ કારણ કે - જેમ પવિત્ર પણ ચિત્ર શુદ્ધ ભૂમિ ઉપર ચિત્રેલું શોભે છે તેમ વીતરાગ કથિત ઉત્તમ (વિરતિ) ધર્મ પણ આવા ગુણોવાળા જીવમાં શોભે છે (હિત કરી શકે છે). (૩૧)

सइ एयंमि गुणोहे, संजायइ भावसावयत्तं पि ।
तस्स पुण लक्खणाइं एयाइं भणंति सुहगुरुणो ॥३२॥

આ ગુણોનો સમૂહ (જેનામાં) હોય (તેને) ભાવશ્રાવકપણું પણ પ્રગટ થાય છે. તે ભાવશ્રાવકનાં લક્ષણો ઉત્તમગુરૂઓ (જ્ઞાનીઓ) આ પ્રમાણે કહે છે. (૩૨)

[1]कयवयकम्मो तह [2]सीलवं, च [3]गुणवं च [4]उज्जुववहारी ।
[5]गुरुसुस्सूसो [6]पवयण-कुसलो खलु सावगो भावे ॥३३॥

**ભાવશ્રાવકનાં લક્ષણો**

૧-કૃતવ્રતર્મી, ૨-શીલવંત, ૩-ગુણવંત, ૪-ઋજુય-વહારી, ૫-ગુરૂશુશ્રૂષક અને ૬-પ્રવચનકુશળ એ છ ગુણવાળો ભાવશ્રાવક (પંચમગુણસ્થાનર્તી) કહેવાય છે. (૩૩)

तत्थायन्नणजाणण-गिण्हणपडिसेवणेसु उज्जुत्तो ।
कयवयकम्मो चउहा, भावत्थो तस्सिमो होइ ॥३४॥

તેમાં **૧-કૃતવતકર્મા** - ૧-વ્રત વિગેરે શ્રાવકના કર્ત્તવ્યોને ગુરૂમુખે સાંભળવાં, ૨-તેને જાણવાં (બોધ કરવો), ૩-સ્વશક્તિ અનુસારે તેવ્રગાદિ નિયમોને ગ્રહણ કરવા અને ૪-તેનું નિરતિચાર પાલન કરવા ઉદ્યમ કરવો, એ ચાર પ્રકારથી કૃતવ્રતકમાં કહેવાય છે. તેનો ભાવાર્થ આ પ્રમાણે છે. (૩૪)

विणयबहुमाणसारं, गीयत्थाओ करेइ वयसवणं ।
भंगयभेयइयारे, वयाण सम्मं वियाणाइ ॥३५॥

**હવે તેનું વિભાગવાર સ્વરૂપ અને ફળ જણાવે છે :-**

આગમ અને વ્યાખ્યાતા ગુરૂ પ્રત્યે વિનય-બહુમાન પૂર્ક ગીતાર્થના મુખે વ્રતનું વર્ણન સાંભળે અને ૨-વ્રતોના ભાંગા, ભેદો, અતિચારોને (ઉપલક્ષણથી પ્રાપ્તિના - પાલનના ઉપાયો વિગેરેને) સારી રીતે જાણે - સમજે. (૩૫)

गिण्हइ गुरूण मूले, इत्तरमियरं व कालमह ताइं ।
आसेवइ थिरभावो, आयंकुवसग्गसंगे वि ॥३६॥

૩-(તે પછી પોતાની શક્તિ પ્રમાણે) ગુરૂની પાસે તે વ્રતોને અમુક કાળ માટે અથવા જાવજ્જીવ માટે ઉચ્ચરે (સ્વીકારે) અને ૪-રોગો કે દેવાદિના ઉપસર્ગો આવે તો પણ મનમાં દઢતા કેળવીને તેનું પાલન કરે. (૩૬)

१आययणं खु निसेवइ, वज्जइ २परगेहपविसणमकज्जे ।
३निच्चमणुब्भडवेसो, न भणइ ४सवियारवयणाइं ॥३७॥

**૨-શીલવંત** - ૧-ધર્મસ્થાન - જ્યાં ઘણા ધર્મી જીવોનો મેળાપ થઈ શકે ત્યાં રહે, ૨-વિના પ્રયોજને પરાયા ઘેર જાય નહિ, ૩-અનુદ્‌ભટ એટલે કુલ-દેશ-સંપત્તિને છાજે તેવો વેશ પહેરે અને ૪-વિકારી વચનો મુખથી બોલે નહિ. (૩૭)

परिहरइ [५]बालकीलं, साहइ कज्जाइँ [६]महुरनीईए ।
इय छव्विहसीलजुओ, विन्नेओ सीलवंतोत्थ ॥३८॥ जुगलं ॥

૫-બાલ ચેષ્ટાનો ત્યાગ કરે અને ૬-પોતાનું કામ બીજાઓ પાસે મીઠાશથી (ચાકર વિગેરેને પ્રસન્ન રાખીને) કરાવે. એ છ સદાચરણવાળો શ્રાવકધર્મની પ્રાપ્તિના અધિકારમાં શીલવંત જાણવો. (૩૮)

आययणसेवणाओ, दोसा झिज्जंति वड्ढइ गुणोहो ।
परगिहगमणंपि कलंक-पंकमूलं सुसीलाणं ॥३९॥

હવે તેનું વિભાગથી સ્વરૂપ અને ફળ વર્ણન કરે છે -

૧-ધાર્મિ જનને ઉચિત (જ્યાં ધર્મ ક્રિયાઓ થતી હોય, ધાર્મિક વાતો સાંભળવા મળતી હોય તેવા) સ્થાને રહેવાથી

દોષો ઘટે અને ગુણસમૂહ વધે અને ૨-પારકા ઘેર જવું તે ઉત્તમ શીલવંતોને કલંક (આળ) ચઢવાનું નિમિત્ત છે. (૩૯)

सहइ पसंतो धम्मी, उब्भडवेसो न सुंदरो तस्स ।
सवियारजंपियाइं, नूणमुईरंति रागग्गिं ॥४०॥

૩-ધર્મી આત્મા પ્રશાન્ત (વિષય કષાય કે કકુતૂહળ વિગેરેમાં મન્દ વૃત્તિવાળો) હોય તે શોભે છે તેને ઉદ્ભટ વેશ સારો નથી અને ૪-વિકારી વચનો બોલવાથી નિયમા રાગરૂપ અગ્નિ સળગે છે, અર્થાત્ પૌદ્ગલિક રાગ પ્રગટે છે - હોય તે વધે છે. (૪૦)

बालिसजणकीला वि हु, लिंगं मोहस्सणत्थदंडाओ ।
फरुसवयणाभिओगो, न संगओ सुद्धधम्माणं ॥४१॥

૫-મૂર્ખ મનુષ્યની (બાલ) ચેષ્ટા પણ નિરૂપયોગી અનર્થદણ્ડરૂપ હોવાથી તે મોહની નિશાની છે અને ૬-શુદ્ધ ધર્મવાળાઓને (કષાયો વિગેરેનો નાશ કરનારાઓને) કઠોર વચનોનું ઉચ્ચારણ કદી પણ ઉચિત નથી. (૪૧)

जइवि गुणा बहुरूवा, तहवि हु पंचहि गुणेहि गुणवंतो ।
इह मुणिवरेहि भणिओ, सरूवमेसिं निसामेहि ॥४२॥

**૩-ગુણવંત** - જો કે ગુણ તો ઘણા છે તો પણ જ્ઞાનીઓએ અહીં પાંચ ગુણોવાળાને ગુણવાન્ કહ્યો છે. તેનું સ્વરૂપ સાંભળો. (૪૨)

[१]सज्झाए [२]करणंमि य, [३]विणयम्मि य निच्चमेव उज्जुत्तो ।
[४]सव्वत्थणभिनिवेसो, वहइ [५]रुइं सुट्ठु जिणवयणे ॥४३॥

૧-સ્વાધ્યામાં, ૨-ક્રિયામાં (કરણીમાં) અને ૩-વિનયમાં હંમેશ ઉદ્યમવાળો, ૪-સર્વ વિષયમાં દુરાગ્રહ વિનાનો અને ૫-શ્રીજિનવચનમાં સુન્દર રૂચિવાળો (એને ગુણવંત શ્રાવક જાણવો.) (૪૩)

पढणाईसज्झायं, वेरग्गनिबंधणं कुणइ विहिणा ।
तवनियमवंदणाई-करणंमि य निच्चमुज्जमइ ॥४४॥

**હવે તેનું ભિન્ન ભિન્ન વર્ણન કરે છે -**

૧-વૈરાગ્યના કારણભૂત 'ભણવું-વાંચવું-પૂછવું-પાઠ

કરવો ગોખવું-વિચારવું' વિગેરે સ્વાધ્યાયને વિધિપૂર્વક કરે, ૨-(શક્તિને ગોપવ્યા વિના તે તે સમયે કરવા યોગ્ય) તપ-નિયમ ગુરૂવન્દન, દેવવન્દન વિગેરે ક્રિયા - કરણીમાં નિત્ય ઉદ્યમ કરે. (૪૪)

अब्भुट्ठाणाईयं, विणयं नियमा पउंजइ गुणीणं ।
अणभिनिवेसो गीयत्थ-भासियं नन्नहा मुणइ ॥४५॥

૩-'ઉભા થવું, સામે જવું', વિગેરે ગુણવાનોનો વિનય અવશ્ય કરે, ૪-દૂરાગ્રહ રહિત હોય તેથી ગીતાર્થ ગુરૂના વચનને અસત્ય ન માને. (સત્ય હિતકર માની સ્વીકારે.) (૪૫)

सवणकरणेसु इच्छा, होइ रुई सद्दहाणसंजुत्ता ।
एईए विणा कत्तो ? सुद्धी सम्मत्तरयणस्स ॥४६॥

તથા ૫-ધર્મ સાંભળવાની તથા ક્રિયા કરવાની ઈચ્છા તે શ્રદ્ધાપૂર્વકની રૂચિ સમજવી. આવી સાંભળવાની તીવ્ર અભિલાષ રૂપ ઈચ્છા તથા શ્રદ્ધાયુક્ત રૂચિ વિના સમ્યક્ત્વ

રત્નની શુદ્ધિ કઈ રીતે થાય ? (૪૬)

उजुववहारो चउहा. [१]जहत्थभणणं [२]अवंचिगा किरिया ।
हुंता (तो) [३]वायपगासण, [४]मेत्तीभावो य सब्भावा ॥४७॥

**૪-ઋજુવ્યવહારી** - ૧-ધર્મકાર્યમાં, વ્યાપારમાં, કચેરીમાં કે રાજકાજમાં સાચું બોલવું, ૨-ખોટાં તોલ માપાં વિગેરેથી લોકોને ઠગવા નહિ, ૩-પાપથી સંભવિત ભવિષ્યની આપત્તિઓ જણાવી આશ્રિતોને પાપથી બચાવવા, (ઉપેક્ષા નહિ કરવી અથવા ધર્મ-અર્થ ઉપાર્જન કરવાના સાચા ઉપાયો સમજાવી સન્માર્ગે જોડવા) અને ૪-શુદ્ધભાવથી મૈત્રી કરવી (કપટ મૈત્રી તજવી), એ ચાર પ્રકારે ઋજુવ્યવહાર કહ્યો છે. (ભાવશ્રાવક એવા શુદ્ધ વ્યવહારવાળો હોય) (૪૭)

अन्नहभमणाईसुं, अबोहिबीयं परस्स नियमेण ।
तत्तो भवपरिवुड्ढी, ता होज्जा उज्जुववहारी ॥४८॥

પ્રતિપક્ષના વર્ણન દ્વારા એ ચારેનું ભેગું ફળ વર્ણવે છે કે-

ખોટું બોલવાથી, ઠગવાથી, આશ્રિતોની ઉપેક્ષા કરવાથી અને કપટ મૈત્રીથી બીજા મિથ્યાદષ્ટિઓ જૈનશાસનની-ધર્મની નિન્દા કરી અવશ્ય અબોધિબીજ ઉપાર્જન કરે (સેંકડો ભાવોમાં પણ જૈનધર્મને ન પામે), તેથી તેઓને અને નિમિત્ત બનનાર પોતાને પણ સંસારની વૃદ્ધિ થાય, માટે શ્રાવકે શુદ્ધ વ્યવહારી થવું જોઈએ. (૪૮)

सेवाए कारणेण य, संपायणभावओ गुरुजणस्स ।
सुस्सूसणं कुणंतो, गुरुसुस्सूसो हवइ चउहा ॥४९॥

**૫-ગુરૂશુશ્રૂષક** - ૧-ગુરૂની સેવા કરવાથી, ૨-બીજાઓ પાસે કરાવવાથી, ૩-તેમને ઉપયોગી આહાર-ઔષધ વિગેરે લાવી આપવાથી, અને ૪-તેઓ પ્રત્યે ચિત્તમાં બહુમાન-પૂજ્યભાવ રાખવાથી, એમ ચાર પ્રકારથી ગુરૂની શુશ્રૂષા કરનારો ગુરૂશુશ્રૂષક શ્રાવક ચાર પ્રકારનો જાણવો. (૪૯)

सेवइ कालंमि गुरुं, अकुणंतो ज्झाणजोगवाघायं ।
सयवन्नवायकरणा, अन्ने वि पवत्तई तत्थ ॥५०॥

તેનું વિભાગ વાર સ્વરૂપ અને ફળ જણાવે છે કે -

૧-ગુરૂને ધ્યાનમાં કે સંયમ સાધક અનુષ્ઠાનોમાં વિઘ્ન ન થાય તેમ ઉચિત સમયે તેઓની સ્વયં સેવા કરે, ૨-સદા તેઓના ગુણોની બીજાની સામે પ્રશંસા કરી બહુમાન ઉપજાવી તેઓને પણ ગુરૂસેવામાં જોડે. (૫૦)

ओसहभेसज्जाई, सओ य परओ य संपणामेइ ।
सइ बहु मन्नेइ गुरुं, भावं चणुवत्तए तस्स ॥५१॥

૩-એક દ્રવ્યનું બનેલું કે બહાર ઉપયોગી ઔષધ તથા અનેક દ્રવ્યોથી બનેલું શરીરને અંદર ઉપયોગી ભેષજ તથા સંયમ ઉપકારક વસ્ત્ર-આહાર વિગેરે સ્વયં કે બીજાઓ દ્વારા લાવી ગુરૂને આપે. તથા ૪-હૃદયમાં બહુમાન (પૂજ્ય ભાવ) રાખે અને ગુરૂની ઈચ્છાનુસાર વર્તન કરે. (૫૧)

१ २ ३ ४ ५ ६
सुत्ते अत्थे य तहा, उस्सग्गववायभाववववहारे ।
जो कुसलत्तं पत्तो, पवयणकुसलो तओ छद्धा ॥५२॥

**૬-પ્રવચનકુશલ**-૧-સૂત્રમાં, ૨-અર્થમાં, ૩-ઉત્સર્ગ માર્ગમાં, ૪-અપવાદમાર્ગમાં, ૫-નિશ્ચયનયમાં, તથા ૬-ગીતાર્થોએ આચરેલા વ્યવહારમાર્ગમાં, એમ છએ પ્રકારોમાં કુશલપણાને પામ્યો હોય તેથી પ્રવચનકુશલ ભાવશ્રાવક છ પ્રકારનો જાણવો. (૫૨)

उचियमहिज्जइ सुत्तं, सुणइ तयत्थं तहा सुतित्थंमि ।
उस्सगववायाणं, विसयविभागं वियाणाइ ॥५३॥

હવે તેનો ભાવાર્થ જુદો જુદો કહે છે

૧-શ્રાવકને ઉચિત (ભણવાનો અધિકાર) હોય તે તે મૂલ સૂત્રો (દશવૈકાલિક ચોથા અધ્યયન સુધી અને સમાન્ય શ્રાવક તો સંગ્રહણી, કર્મગ્રન્થ, ઉપદેશમાલા વિગેરે પ્રકરણ ગ્રન્થો) ભણે, ૨-સદ્‌ગુરૂની પાસે શ્રાવકને યોગ્ય અર્થો (વ્યાખ્યાનાદિ દ્વારા) સાંભળે (સાધુ કે શ્રાવકને પણ ગુરૂ દ્વારા અર્થ ભણવા ઉચિત છે એમ સમજવું) ૩-૪-ઉત્સર્ગ આચરણ કરવા વખતે ઉત્સર્ગ અને અપવાદ સેવવાના સમયે અપવાદનો આશ્રય કરવો જોઈએ માટે ગુરૂદ્વારા તેનો વિવેક સમજે. (૫૩)

वहइ सइ पक्खवायं, विहिसारे सव्वधम्मणुट्ठाणे ।
देसद्धादणुरूवं, जाणइ गीयत्थववहारं ॥५४॥

૫-હંમેશાં સર્વ ધર્મકાર્યોમાં વિધિનું બહુમાન (પક્ષપાત) કરે (અર્થાત્ આત્મ શુદ્ધિ રાગ-દ્વેષ-કષાય-વિષયની પ્રવૃત્તિને ઘટાડવાનું લક્ષ્ય રાખે) અને ૬-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-પુરૂષને આશ્રીને તે તે કાળ-ક્ષેત્ર-વિગેરેને અનુસરતો ગીતાર્થોએ આચરેલો વ્યવહાર સમજે (તેને દૂષિત કરે નહિ). (૫૪)

एसो पवयणकुसलो, छब्भेओ मुणिवरेहि निद्दिट्ठो ।
किरियागयाइं छ च्चिय, लिंगाइं भावसड्ढस्स ॥५५॥

એ પ્રમાણે પ્રવચનકુશલ શ્રાવક છ પ્રકારે શ્રી જિનેશ્વરો એ કહેલો છે. ભાવશ્રાવકનાં તે ક્રિયાને આશ્રીને ઉપર કહ્યાં તે છ જ લક્ષણો (લિંગને) જાણવાં. (૫૫)

भावगयाइं सतरस, मुणिणो एयस्स बिंति लिंगाइं ।
जाणियजिणमयसारा, पुव्वायरिया जओ आहु ॥५६॥

હવે ભાવશ્રાવકનાં ભાવને આશ્રીને ૧૭ લિંગો કહે છે -

જ્ઞાનીઓએ આ ભાવશ્રાવકનાં ભાવને ઉદ્દેશીને સત્તર લક્ષણો કહ્યાં છે - શ્રી જિનઆગમના રહસ્યના જાણ પૂર્વાચાર્યો કે છે કે - (૫૬)

इत्थिंदियत्थसंसार-विसयआरंभगेहदंसणओ ।
गड्डरिगाइपवाहे, पुरस्सरं आगमपवित्ती ॥५७॥

૧-સ્ત્રી, ૨-ઇન્દ્રિયો, ૩-અર્થસંપત્તિ, ૪-સંસાર, ૫-વિષય, ૬-આરંભ, ૭-ઘર, ૮વ-દર્શન (સમ્યક્ત્વ), ૯-ગાડરિઓ પ્રવાહ, ૧૦-આગમને અનુસારે વર્તન (૫૭)

दाणाइ जहासत्ती, पवत्तणं विहिररत्तदुट्ठे य ।
मज्झत्थमसंबद्धे, परत्थकामोवभोगी य ॥५८॥

૧૧-દાનાદિમાં યથાશક્તિ પ્રવૃત્તિ, ૧૨-ધર્મમાં લજ્જાનો અભાવ, ૧૩-સાંસારિક કાર્યોમાં રાગ-દ્વેષ ન કરવો, ૧૪-માધ્યસ્થ્ય, ૧૫-ધન સ્વજનાદિમાં પ્રતિબન્ધનો (સંબન્ધનો) અભાવ, ૧૬-પરાર્થે વિષયસેવન (૫૮)

वेसा इव गिहवासं, पालइ सत्तरसपयनिबद्धं तु ।
भावगय भावसावग-लक्खणमेयं समासेण ॥५९॥

અને ૧૭-ગૃહસ્થાવાસમાં વેશ્યાવૃત્તિએ નિર્વાહ, એ સત્તાર પ્રકારથી સંબંધવાળું ભાવને ઉદ્દેશીને ટુંકમાં ભાવશ્રાવકનું લક્ષણ કહ્યું છે. (૫૯)

इत्थीमणत्थभवणं, चलचित्तं नरयवत्तिणीभूयं ।
जाणंतो हियकामी, वसवत्ती होइ न हु तीसे ॥६०॥

**હવે તે દરેકનું સ્વરૂપ વિભાગવાર કહે છે -**

**૧-સ્ત્રીને અંગે** - ભાવશ્રાવક સ્ત્રીને અનર્થોનું ઘર, ચંચળ ચિત્તાવાળી, અને નરકની શેરી તુલ્ય, જાણતો આત્મહિતનો અર્થી તેને વશવર્તી ન થાય. (૬૦)

इंदियचवलतुरंगे, दोग्गइमग्गाणुधाविरे निच्चं ।
भावियभवस्सरूवो, रुंभइ सन्नाणरस्सीहिं ॥६१॥

**૨-ઇન્દ્રિઓને અંગે** - ઇન્દ્રિઓને હંમેશાં દુર્ગતિને માર્ગે દોડતા ચપળ ઘોડાઓ રૂપ સમજી સંસારનું સ્વરૂપ

જેણે જાણ્યું છે એવો ભાવશ્રાવક તેને સમ્યગ્ જ્ઞાનરૂપ લગામ વડે રોકે. (અર્થાત્ તેના વિષયમાં ઘસડાઈ ન જતાં ઈન્દ્રિઓને વશ કરી તેના દ્વારા ત્યાગ-વૈરાગ્યની પ્રવૃત્તિ કરે). (૬૧)

सयलाणत्थनिमित्तं, आयासकिलेसकारणमसारं ।
नाऊण धणं धीरो, न हु लुब्भइ तंमि तणुयं पि ॥६२॥

**૩-ધનને અંગે** - ધનને નામે અર્થ છતાં સઘળા અનથોનું નિમિત્ત, શારીરિક પરિશ્રમ અને મનના, સંતાપનું કારણ, પરિણામે નશ્વર-અસાર સમજીને ધીરે એવો ભાવશ્રાવક તેમાં થોડો પણ લોભ ન કરે. (૬૨)

दुहरूवं दुक्खफलं, दुहाणुबन्धि विडंबणारूवं ।
संसारमसारं जाणिऊण न रइं तहिं कुणइ ॥६३॥

**૪-સંસારને અંગે** - સંસારને - સ્વરૂપે દુઃખરૂપ, ફળમાં દુઃખ દેનારો, દુઃખની પરંપરા ઉભી કરનારો, જીવને કેવળ વિડમ્બનારૂપ, અને નાશવંત - અસાર જાણીને તેમાં પ્રીતિ ન કરે. (૬૩)

खणमेत्तसुहे विसए, विसोवमाणे सयावि मन्नंतो ।
तेसु न करेइ गिद्धिं, भवभीरु मुणियतत्तत्थो ॥६४॥

**૫-વિષયોને અંગે** - ભવભીરૂ અને તત્ત્વાર્થનો જાણ ભાવશ્રાવક હંમેશાં પાંચે ઇન્દ્રિઓના શબ્દાદિ વિષયોને ક્ષણમાત્ર સુખ દેનારા અને પરિણામે મારનારા, ઝેર તુલ્ય સમજીને તેમાં મૂર્છા-આસક્તિ ન કરે. (૬૪)

वज्जइ तिव्वारंभ, कुणइ अकामो अनिहंतो उ ।
थुणइ निरारंभजणं, दयालुओ सव्वजीवेसु ॥६५॥

**૬-આરમ્ભોને અંગે** - સર્વ જીવોમાં દયાળુ એવો ભાવશ્રાવક તીવ્ર આરમ્ભો (ઘોર પાપો) નો ત્યાગ કરે, નિર્વાહ ન થાય તો પણ દુઃખાતા મને કરે, (મુનિઓ વિગેરે) આરમ્ભનો ત્યાગ કરનારાઓની પ્રશંસા કરે. (૬૫)

गिहवासं पासं पिव, मन्नंतो वसइ दुक्खिओ तंमि ।
चारित्तमोहणिज्जं, निज्जिणिउं उज्जमं कुणइ ॥६६॥

**૭-ઘરવાસને અંગે** - ભાવશ્રાવક ઘરવાસને જેલ જેવો

માની ન છૂટકે - દુ:ખાતા હૃદયે તેમાં રહે અને ચારિત્રમાં વિઘ્નભૂત કર્મોને (સ્નેહ આદિ બન્ધનોને) તોડવા ઉદ્યમ કરે. (૬૬)

अत्थिक्कभावकलिओ, पभाववणा वन्नवायमाईहिं ।
गुरुभत्तिजुओ धीमं, धरेइ सइ दंसणं विमलं ।।६७।।

**૮-સમ્યક્ત્વને અંગે** - દેવ - ગુરૂ - ધર્મ વિગેરે તત્ત્વો પ્રત્યે આસ્તિક્યથી (સત્યતાના વિશ્વાસથી) શોભતો (આસ્તિક) શાસનની પ્રશંસાદિ કરવારૂપ પ્રભાવના કરતો, સુગુરૂની તન-મન-ધનથી ભક્તિ કરતો અને બુદ્ધિમાન્ ભાવશ્રાવક નિર્મળ (નિરતિચાર) સમકિતને આરાધે (રક્ષા રે) છે. (૬૭)

गड्डरिगपवाहेणं, गयाणुगइयं जणं वियाणंतो ।
परिहरइ लोगसन्नं, सुसमिक्खियकारओ धीरो ।।६८।।

**૯-લોક (ગાડરીઆ) પ્રવાહને અંગે** - 'જગતમાં પ્રાયઃ મોટા ભાગના મનુષ્યો ગાડરિયા પ્રવાહની જેમ વગર

વિચારે ગતાનુગતિક પ્રવૃત્તિ કરનાર છે.' એમ સમજતો ભાવશ્રાવક ધૈર્યપૂર્વક લોકસંજ્ઞા (પ્રવાહ)નો ત્યાગ કરીને સારાસારનો વિચાર કરી દરેક કાર્યો કરે. (૬૮)

नत्थि परलोअमग्गे, पमाणमन्नं जिणागमं मोत्तुं ।
आगमपुरस्सरं चिय, करेइ तो सव्वकिच्चाइं ॥६९॥

**૧૦-આગમને અંગે** - પરલોકમાં સુખી થવાનો ઉપાય બતાવનાર જિનઆગમ સિવાય બીજું કોઈ પ્રમાણ નથી જ એથી સર્વ કાર્યો આગમ (જિનવચન) ને અનુસરીને (તેમાં કહ્યા પ્રમાણે) જ કરે. (૬૯)

अनिगूहिंतो सत्तिं, आयाबाहाए जह बहुं कुणइ ।
आयरइ तहा सुमई, दाणाइचउव्विहं धम्मं ॥७०॥

**૧૧-દાનાદિ પ્રવૃત્તિને અંગે** - બુદ્ધિમાન્ એવો ભાવશ્રાવક દાન-શીલ-તપ અને ભાવરૂપ ચાર પ્રકારના ધર્મને શક્તિને છૂપાવ્યા વિના, પોતાને અને પરિવારને બાધા ન થાય તેમ, લાંબાકાળ સુધી કરી શકાય તેવી રીતે કરે. (૭૦)

हियमणवज्जं किरियं, चिंतामणिरयणदुल्लहं लहिउं ।
सम्मं समायरंतो, न हु लज्जइ मुद्धहसिओ वि ॥७१॥

**૧૨-ધર્મમાં અલજ્જાને અંગે** - આત્માને હિતકર એવી ચિન્તામણી રત્નથી પણ દુર્લભ ધર્મ ક્રિયાનો યોગ પામીને તેનું સમ્યગ્ રીતે આરાધન (આસેવન) કરતો ભાવશ્રાવક બીજા મુગ્ધ (અજ્ઞાન) લોકો હસે-તેની મશ્કરી કરે, તો પણ શરમાય નહિ-છોડે નહિ. (૭૧)

देहट्ठिइनिबंधण-धणसयणाहारगेहमाईसु ।
निवसइ अरत्तदुट्ठो, संसारगएसु भावेसु ॥७२॥

**૧૩-સાંસારિક પ્રવૃત્તિઓને અંગે** - ધન - સ્વજન ભોજન (સ્નાન-પાન વસ્ત્રધારણ) ઘર વિગેરે શરીરને ટકાવવા પુરતાં જ ઉપયોગી છે એમ સમજતો સાંસારિક ભાવો (વ્યવહારો)માં રાગ-દ્વેષ કર્યા વિના ઉપેક્ષા (ઉદાસીન) ભાવે પ્રવૃત્તિ કરે - રહે. (૭૨)

उवसमसारवियारो, बाहिज्जइ नेय (व) रागदोसेहिं ।
मज्झत्थो हियकामी, असग्गहं सव्वहा चयइ ॥७३॥

**૧૪-માધ્યસ્થ્યને અંગે** - ધર્મ વિગેરેમાં 'ઉપશમ' એ જ સાર છે - ઉપશમ માટે સઘળું અનુષ્ઠાન કરવાનું છે એમ વિચારતો મધ્યસ્થ અને આત્મ હિતને ઈચ્છતો ભાવ શ્રાવક રાગ-દ્વેષને વશ ન થાય અને એથી સર્વ રીતે દુરાગ્રહનો ત્યાગ કરે. (૭૩)

भावेंतो अणवरयं, खणभंगुरयं समत्थवत्थूणं ।
संबद्धो वि धणाइसु, वज्जइ पडिबंधसंबंधं ॥७४॥

**૧૫-ધન-સ્વજનાદિને અંગે** - સઘળા પદાર્થોની નશ્વરતાને હંમેશાં વિચારતો ભાવશ્રાવક ધન-સ્વજન-શરીર આદિનું બાહ્ય વૃત્તિથી રક્ષણ વિગેરે કરવા છતાં પણ તે તે પદાર્થોમાં મૂર્છારૂપ સંબન્ધને તજે. (૭૪)

संसारविरत्तमणो, भोगुवभोगा न तित्तिहेउ त्ति ।
नाउं पराणुरोहा, पवत्तई कामभोगेसु ॥७५॥

**૧૬-કામભોગને અંગે**-સંસારથી જેનું મન વિરાગી બન્યું છે તે ભાવશ્રાવક ભોગ કે ઉપભોગ ગમે તેટલા

ભોગવવાથી પણ જીવને કદી પણ તૃપ્તિ થતી નથી એમ સમજી વિરાગી છતાં બીજાના (સ્ત્રી આદિના) આગ્રહથી કામ-ભોગમાં પ્રવૃત્તિ કરે (ભોગવે). (૭૫)

वेस वव निरासंसो, अज्जं कल्लं चयामि चिंततो ।
परकीयं पिव पालइ, गेहावासं सिढिलभावो ॥७६॥

**૧૭-ઘરવાસને અંગે** - વેશ્યાની જેમ નિરાશસંભાવે આજ છોડું, કાલ છોડું, એમ ચિન્તવતો પારકું માનીને ગૃહસ્થવાસનું મન (ઈચ્છા) વિના પાલન કરે. (૭૬)

इय सतरसगुणजुत्तो, जिणागमे भावसावगो भणिओ ।
एस उण कुसलजोगा, लहइ लहु भावसाहुत्तं ॥७७॥

એ સત્તર ગુણાળાને શ્રીજિનાગમમાં ભાવશ્રાવક કહ્યો છે એવો આત્મા પુનઃ મન-વચન-કાયાની શુભ (આત્મનિષ્ઠ) પ્રવૃત્તિથી જલ્દી ભાવસાધુતાને પામે. (અર્થાત્ એવા આત્માને છટ્ઠા ગુણસ્થાનકના અધ્યવસાયો પ્રગટ થાય. (૭૭)

एयस्स उ लिंगाइं, सयला मग्गाणुसारिणी [१]किरिया ।
[२]सद्धा पवरा धम्मे, [३]पन्नवणिज्जत्तमुजुभावा ॥७८॥

**હે ભાવસાધુતાનાં લક્ષણો કહે છે -**

એ ભાવસાધુતાનાં લિંગો આ પ્રમાણે છે. ૧-સઘલી ક્રિયા મોક્ષમાર્ગાનુસારિણી કરે, ૨-ધર્મમાં દૃઢશ્રદ્ધા હોય, ૩-સરળસ્વભાવી હોવાથી સહેલાઈથી સત્ય સમજાવી શકાય,(૭૮)

किरियासु [४]अप्पमाओ [५]आरंभो सक्कुणिज्जणुट्ठाणे ।
गुरुओ [६]गुणाणुराओ, [७]गुरुआणाराहणं परमं ॥७९॥

૪-ક્રિયામાં પ્રમાદ ન હોય, ૫-શક્ય હોય તેટલું કાર્ય આરમ્ભે, ૬-ગુણાનુરાગ બળવાન હોય, ૭-ગુરૂઅજ્ઞાને શ્રેષ્ઠ રીતે પાળે. એ સાત લક્ષણો ભાવસાધુનાં છે. (૭૯)

मग्गो आगमनिई, अहवा संविग्गबहुजणाइन्नं ।
उभयाणुसारिणी जा, सा मग्गणुसारिणी किरिया ॥८०॥

**એનો પ્રત્યેકનો વિસ્તારથી અર્થ કહે છે.**

**૧-માર્ગાનુસારિણી ક્રિયા** - માર્ગ એટલે સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ અથવા ક્ષાયોપશમિક વિગેરે ભાવ. તેને અંગે આગમમાં કહેલો આચાર તે પણ માર્ગ અથવા સંવેગભાવને પામેલા ઘણા પૂર્વ પુરૂષોએ આચરેલું તે પણ માર્ગ, એ બન્નેને અનુસરતી જે ક્રિયા તે માર્ગાનુસારિણી ક્રિયા જાણવી. (૮૦)

**अन्नह भणियं पि सुए, किंची कालाइकारणावेक्खं ।**
**आइन्नमन्नह च्चिय, दीसइ संविग्गगीएहिं ॥८१॥**

આગમમાં અન્યથા કહ્યું હોય, છતાં કોઈ દુઃષમા કાળ વિગેરેનો વિચાર કરીને કારણ આવી પડતાં સંવેગી અને ગીતાર્થ એવા પૂર્વર્ષિઓએ કોઈ કોઈ કાર્યને બીજી રીતે પણ આચરેલું દેખાય છે. (૮૧)

**कप्पाणं पाउरणं, अग्गोयरचाय झोलियभिक्खा ।**
**ओवगहियकडाहय, तुंबयमुहदाणदोराई ॥८२॥**

જેમકે-આગમમાં કપડાને ખભે રાખી બહાર જવાનું

કહ્યું છે. તો પણ વર્તમાનમાં શરીરે વીંટવાનો (ઓઢવાનો) વ્યવહાર છે તથા ચોલપટ્ટાને બાંધવાનો, પાત્રાંને ભુજા ઉપર ઝોળીમાં ભરાવીને ભિક્ષા લાવવાનો, ઔપગ્રહિક ઉપધિ તરીકે (કારણે ઉપયોગ કરવા માટે) (કટાહક) ધાતુનું પાત્રવિશેષ રાખવાનો, તરપણીને દોરા નાખવાનો, (૮૨)

सिक्किगनिक्खिवणाई, पज्जोसवणाइतिहिपरावत्तो ।
भोयणविहिअन्नत्तं, एमाई विविहमन्नं पि ॥८३॥

તથા પાત્રાં મૂકવાનું દોરાનું ગૂંથેલું સીકું બનાવી (વર્તમાનમાં જે નીચેનો ગુચ્છો રખાય છે તે સંભવે છે) તેમાં પાત્રાંને રાખવાં, આદિ શબ્દથી પડલા, ચરવળી રાખવું, પાત્રાને રંગવાં વિગેરે, તથા પર્યુષણાની તિથિ પંચમીને બદલી ચોથે, ચોમાસી ચૌદશે કરી વિગેરે, તથા સાધુઓને ભોજનનો વિધિ બદલ્યો, ઈત્યાદિ અનેક બીજા પણ (અલ્પબુદ્ધિ જીવોને પાટી કાગળ વિગેરેના આધારે ભણવાનું, કંઈક વિરાધના છતાં આગમને પુસ્તકારૂઢ કર્યું) ફેરફારો - વધારા થયા તે પૂર્વાચાર્યોએ સંઘયણ,

કાળ, બળ વિગેરેની હીનતા સમજી સંયમ નિર્વાહ માટે કર્યા છે અને સહુએ વિના વિરોધે સ્વીકાર્યા છે તે પરંપરાગત માર્ગ જાણવો. (૮૩)

जं सव्वहा न सुत्ते, पडिसिद्धं नेय जीववहहेऊ।
तं सव्वं पि पमाणं, चारित्तधणाण भणियं च ॥८४॥

કારણ કે - જેનો આગમમાં સર્વથા નિષેધ ન કર્યો હોય, જે જીવહિંસા (વિગેરે અસંયમ)નું કારણ ન હોય, પૂર્વાચાર્યોએ આચરેલું તે સર્વ ચારિત્રવંતોને પ્રમાણભૂતહોય છે. કહ્યું છે કે - (૮૪)

अवलंबिऊण कज्जं, जं किंपि समायरंति गीयत्था।
थेवावराह बहुगुण, सव्वेसिं तं पमाणं तु ॥८५॥

કોઈ વિશેષ કાર્યને (લાભને) ઉદ્દેશીને'' ગીતાર્થો જે કંઈ સમ્યગ્ આચરણ કરે છે તે થોડા (નાના) દોષવાળું છતાં ઘણા (મોટા) ગુણ (લાભ)ને કરનારૂં હોવાથી સર્વને પ્રમાણભૂત સમજવું. (૮૫)

जं पुण पमायरुवं, गुरुलाघवचिंतविरहियं सवहं ।
सुहसीलसढाइन्नं, चरित्तिणो तं न सेवंति ॥८६॥

પણ જે પ્રમાદ(અસંયમ) રૂપ હોય, લાભ હાનિનો વિચાર કર્યા વિનાનું, હિંસાદિ (અસંયમ) યુક્ત હોય તેવું સુખશીલીઆઓએ આચરેલું તેને ચારિત્રવંત (સંવેગી) મુનિઓ આચરતા (પ્રમાણભૂત માનતા) નથી. (૮૬)

जह सड्ढेसु ममत्तं, राढाए असुद्धउवहिभत्ताई ।
निद्देज्जवसहितूली-मसूरिगाईण परिभोगो ॥८७॥

જેમકે - શ્રાવકોનું (આ શ્રાવક મારો વિગેરે) મમત્વ, એ પ્રમાણે કોઈ ગામ, ઘર, નગર-દેશની મમતા પણ સમજી લેવી, તથા શરીર શોભા વિગેરેની ઈચ્છાથી કેટલાક અશુદ્ધ આહાર-ઉપધિ વિગેરે ગ્રહણ કરે છે, યાવચ્ચન્દ્રદિવાકર સુધી કોઈ ગૃહસ્થે લેખ કરીને આપેલું મકાન-વસતિ ગ્રહણ કરે છે, તથા કોઈ તળાઈ, મસુરીઆં વિગેરેને વાપરે (ભોગવે) છે. (૮૭)

इच्चाई असमंजस-मणेगहा खुद्दचिट्ठियं लोए ।
बहुएहि वि आयरियं, न पमाणं सुद्धचरणाणं ।।८८।।

ઈત્યાદિ ક્ષુદ્ર (અલ્પ સત્ત્વવાળા સંયમમાં થાકેલા) જીવોએ આચરેલું અનેક પ્રકારનું અસમંજસ (સંયમમાં અઘટિત) વર્ત્તન આ લોકમાં ઘણાઓએ સ્વીકાર્યું હોય તો પણ શુદ્ધ ચારિત્રવાળાઓને તે પ્રમાણભૂત નથી. (૮૮)

गीयत्थपारतंता, इय दुविहं मग्गमणुस्सरंतस्स ।
भावजइत्तं जुत्तं, दुप्पसहंतं जओ चरणं ।।८९।।

માટે ગીતાર્થ મહર્ષિઓની આજ્ઞામાં રહીને એ આગમાનુસારી તથા શુદ્ધસંવેગીની પરંપરારૂપ બે પ્રકારના માગને અનુસરનારા આત્માને ભાવસાધુતા યોગ્ય છે, કારણ કે ચારિત્રધર્મ શ્રીદુપ્પસહસૂરિજી સુધી ચાલવાનો છે. અર્થાત્ આગમને અનુસરતું ચારિત્ર પાળનાર કોઈ નથી માટે ચારિત્રનો વિચ્છેદ થયો એમ માનવું નહિ પણ શુદ્ધ સંયમસાધક પરંપરાને અનુસરનારા પણ ચારિત્રવંત છે એમ સમજવું. (૮૯)

सद्धा तिव्वभिलासो, धम्मे पवरत्तणं इमं तीसे ।
[१]विहिसेव [२]अतित्ती, [३]सुद्धदेसणा [४]खलियपरिसुद्धी ॥९०॥

**હવે ભાવસાધુનું બીજું લંગ 'ધર્મશ્રદ્ધા'નું વર્ણન કરે છે -**

**૨-ધર્મમાં દૃઢ શ્રદ્ધા** - શ્રદ્ધા એટલે શ્રુત ચારિત્ર ધર્મમાં (જ્ઞાન-ક્રિયામાં) તીવ્ર અભિલાષા, અર્થાત્ શ્રદ્ધાના યોગે ધર્મમાં શ્રેષ્ઠપણું, તેથી શ્રદ્ધાળુમાં શ્રદ્ધાના ફળરૂપે આ લક્ષણો હોય, ૧-વિધિસેવા, ૨-ધર્મમાં અસંતોષ, ૩-શુદ્ધદેશના અને ૪-ભૂલનું પ્રાયશ્ચિત-શુદ્ધિકરણ. એ ચાર ધર્મની તીવ્રત શ્રદ્ધાનાં લક્ષણો છે તે ભાવસાધુમાં હોય. (૯૦)

विहिसारं चिय सेवइ, सद्धालू सत्तिमं अणुट्ठाणं ।
दव्वाइदोसनिहओ वि, पक्खवायं वहइ तम्मि ॥९१॥

તેને વિગતવાર વર્ણવે છે -

૧-વિધિસેવા-શ્રદ્ધાળુ સામર્થ્ય કેળવીને દરેક અનુષ્ઠાનો વિધિપૂર્વક આચરે અને કોઈ પ્રસંગે આહારાદિ દ્રવ્ય, કોઈ અટવી વિગેરે ક્ષેત્ર કે દુઃષમકાળ વિગેરેની

પ્રતિકૂળતા હોય તેથી વિધિ ન સાચવી શકે તો પણ વિધિનો પક્ષપાત ન છોડે. (૯૧)

निरुओ भोज्जरसन्नू, कं वि अवत्थं गओ असुहमन्नं ।
भुंजं न तंमि रज्जइ, सुहभोयणलालसो धणियं ॥९२॥

જેમ નિરોગી અને ભોજનના રસનો જાણ એવો પણ કોઈ જીવ એવી કોઈ રોગ-દુષ્કાળ વિગેરે અવસ્થાને પામીને અશુભ (બેસ્વાદ) ભોજન લેવું પડે તો પણ તેમાં રાગ કરતો નથી પણ નિરોગી થઈને કે સુકાળ થશે ત્યારે સુન્દર ભોજન લઈશ એવી અત્યન્ત લાલસાવાળો હોય છે, (૯૨)

इय सुद्धचरणरसिओ, सेवंतो दव्वओ विरुद्धं पि ।
सद्धागुणेण एसो, न भावचरणं अइक्कमइ ॥९३॥

તેમ સાધુ પણ શુદ્ધ ચારિત્રનો રસિઓ છતાં ભાવ વિના ચારિત્ર વિરૂદ્ધ પણ કંઈ આચરે તો પણ શુદ્ધ ચારિત્રની શ્રદ્ધાથી તે ભાવ ચારિત્રથી રહિત થતો નથી. અર્થાત્ તેવો દ્રવ્યથી શિથિલાચારી છતાં ભાવથી શુદ્ધ ચારિત્રવંત છે. (૯૩)

तित्तिं न चेव विंदइ, सद्धाजोगेण नाणचरणेसु ।
वेयावच्चतवाईसु, जहविरियं भावओ जयइ ॥९४॥

२-ધર્મમાં અતૃપ્તિ-શ્રદ્ધાના યોગે જ્ઞાન તથા ક્રિયામાં તૃપ્ત ન થાય. વધુને વધુ કરવાની, ભણવાની અભિલાષા રાખે. તેમજ વૈયાવચ્ચ-તપ વિગેરેમાં પણ શક્તિને ગોપવ્યા વિના ઉત્સાહથી પ્રયત્ન કરે. (૯૪)

सुगुरुसमीवे सम्मं, सिद्धंतपयाण-मुणियतत्तत्थो ।
तयणुन्नाओ धन्नो, मज्झत्थो देसणं कुणह ॥९५॥

૩-શુદ્ધદેશના-સદ્‌ગુરૂની પાસે વિધિપૂર્વક વાચના લઈને સિદ્ધાન્તના પદોનો અર્થ (રહસ્ય) જેણે સારી રીતે જાણ્યો છે એવો ધન્ય શ્રદ્ધાળુ ગુરૂની આજ્ઞાથી મધ્યસ્થભાવે દેશના દે. (પરદર્શનનો તિરસ્કાર કે પોતાના દર્શનનો પક્ષ ન કરે પણ બન્નેને તત્ત્વથી સમજાવી શ્રોતાને સત્યના પક્ષકાર બનાવે.) (૯૫)

अवगयपत्तसरूवो, तयणुग्गहहेउभाववुड्ढिकरं ।
सुत्तभणियं परूवइ, वज्जंतो दूरमुम्मग्गं ॥९६॥

શ્રોતાની (બાળ-મધ્યમ-પણ્ડિત) બુદ્ધિનો (રૂચિનો) જાણ તેનો ઉપકાર કરવાની બુદ્ધિવાળો ભાવસાધુ ઉન્માર્ગ (સંસારની વૃદ્ધિ કરનાર ઉત્સુત્ર) વચનને સર્વથા તજતો શ્રોતાના ભાવની (અધ્યવસાયોની) વૃદ્ધિ (શુદ્ધિ) થાય તેવું સૂત્રાનુસારી વ્યાખ્યાન કરે. (૯૬)

सव्वं पि जओ दाणं, दिन्नं पत्तंमि दायगाण हियं ।
इहरा अणत्थजणगं, पहाणदाणं च सुयदाणं ।।९७।।

કારણ કે સર્વ પ્રકારનું પણ દાન સુપાત્રમાં દીધેલું દાતારને હિત કરે છે, અન્યથા (અયોગ્યને) આપેલું અનર્થ - કારક થાય છે તેમાં પણ સૂત્રદાન તો સર્વશ્રેષ્ઠ દાન છે. (૯૭)

सुट्ठयरं च न देयं, एयमपत्तंमि नायतत्तेहिं ।
इय देसणा वि सुद्धा, इहरा मिच्छत्तगमणाई ।।९८।।

માટે તત્ત્વના જાણ ગુરૂઓએ એ સૂત્રદાન કુપાત્રને એ શુદ્ધતત્ત્વોનું દાન નહિ જ આપવું. એ રીતે પાત્રાપાત્રનો

વિવેક કરી આપેલી દેશના શુદ્ધ કહી છે, નહિ તો ઉલટી શ્રોતાઓના મિથ્યાત્વને વધારે છે. આદિ શબ્દથી ઉપદેશક ઉપર દ્વેષ વધવાથી આહાર પાણી વસતિ વિગેરેનો અન્તરાય અને કદાચ ઉપદેશકને મારી નાખવા સુધી શ્રોતા પાપો કરે એવો સંભવ છે. (૯૮)

जं च न सुत्ते विहियं, न य पडिसिद्धं जणंमि चिररूढं ।
समइविगप्पियदोसा, तं पि न दूसंति गीयत्था ॥९९॥

જે સૂત્રમાં કરવાનું કહેલું ન હોય, તેમ નિષેધ્યું પણ ન હોય એવું પણ લોકોમાં ચિરકાળથી ચાલતું હોય તેને પણ ગીતાર્થ પુરૂષો પોતાની મતિકલ્પનારૂપ દૂષણથી દૂષિત (તેનો વિરોધ) કરતા નથી. (૯૯)

संविग्गा गीयतमा, विहिरसिया पुव्वसूरिणो आसि ।
तददूसियमायरियं, अणइसई को निवारेइ ॥१००॥

ગીતાર્થ હોય તે એમ વિચારે છે કે - પૂર્વર્ષિઓ સંવેગી (મોક્ષની તીવ્ર અભિલાષાવાળા) હતા, પૂર્વે આગમ બહુ પ્રમાણમાં હોવાથી અતિશય ગીતાર્થ (શાસ્ત્ર મર્મના જાણ)

હતા, વિધિના રસિઆ હતા, તેઓએ જેને દૂષિત ન ગણ્યું અને ઘણાઓએ આચર્યું તે વ્યવહારને અનતિશાયી કોણ નિવારી શકે ? (કારણ કે એનો વિરોધ કરવામાં પૂર્વર્ષિઓની આશાતના થવાનો તેને ભય રહે, માટે વિશિષ્ટ શ્રુતના અતિશય વિનાનો સામાન્ય સાધુ તેનો વિરોધ ન કરે. (૧૦૦)

अइसाहसमेयं जं, उस्सुत्तपरूवणा कडुविवागा ।
जाणंतेहि वि दिज्जइ, निद्देसो सुत्तबज्झत्थे ॥१०१॥

'સૂત્રબાહ્ય (વિરૂદ્ધ) દેશના દેવાથી અનન્ત સંસાર વધે છે' ઇત્યાદિ શાસ્ત્રોક્ત નિર્દેશને (વચનોને) જાણવા છતાં પણ જેઓ અટિકટુ વિપાકજનક એવી ઉત્સૂત્ર પ્રરૂપણા કરે છે, તે તેઓનું મહાસાહસ (દુઃસાહસ) છે. (૧૦૧)

दीसंति य ढड्ढसिणोणेगे, नियमइपउत्तजुत्तीहिं ।
विहिपडिसेहपवत्ता, चेइयकिच्चेसु रूढेसु ॥१०२॥

વર્તમાનમાં એવા પણ અનેક મહાસાસિક (ભયંકર ભવ વૃદ્ધિથી પણ નહિ ડરનારા) દેખાય છે કે જેઓ પોતાની મતિકલ્પના રૂપ યુક્તિથી શાસ્ત્ર વિરૂદ્ધ કરવામાં અને

ચિરકાળથી રૂઢ એવાં પણ સ્નાત્ર કરવું, બિમ્બ ભરાવવું, વિગેરે જિનભક્તિનાં કાર્યો વિગેરે પૂર્વાચાર્યોએ ગીતાર્થપણાથી આચરેલી શુદ્ધ પરંપરાનો પણ આગમમાં એનું વિધાન નથી માટે તે નહિ કરવાં જોઈએ એવો નિષેધ કરવામાં પ્રવૃત્તિ કરે છે. (૧૦૨)

त पुण विसुद्धसद्धा, सुयसंवायं विणा न संसंति ।
अवहीरिऊण नवरं, सुयाणुरूवं परूविंति ॥१०३॥

જેઓ શુદ્ધશ્રદ્ધાવંત છે તેઓ શ્રુતના આધાર વિના તેવાઓના તે વિધિ નિષેધોની પ્રશંસા નથી કરતા, કિન્તુ 'એ બાલચેષ્ટારૂપ છે' એમ તેની ઉપેક્ષા કરીને સૂત્રાનુસારી ઉપદેશ આપે છે. (૧૦૩)

अइयारमलकलंकं, पमायमाईहिं कहवि चरणस्स ।
जणियं पि वियडणाए, सोहिंति मुणी विमलासद्धा ॥१०४॥

૪-અતિચારનું શોધન-ભાવસાધુઓ કોઈ પ્રસંગે પ્રમાદાદિ કારણે ચારિત્રમાં અતિચારરૂપ મેલનું કલંક લાગે

તો તેને નિર્મળ શ્રદ્ધાથી આલોચના કરીને (પ્રાયશ્ચિત્ત સ્વીકારીને) શુદ્ધ કરે છે, અર્થાત્ ચારિત્રમાં જાગૃત છતાં કોઈ અતિચાર લાગી જાય તો પગમાં લાગેલા કાંટાની જેમ તુર્ત દૂર કરે છે. (૧૦૪)

एसा पवरा सद्धा, अणुबद्धा होइ भावसाहुस्स ।
एईए सम्भावे, पन्नवणिज्जो हवइ एसो ॥१०५॥

આવી ઉત્તમ શ્રદ્ધા ભાવસાધુને અખણ્ડ હોય છે અને એના યોગે તે અસદાગ્રહ વિનાનો હોવાથી સહેલાઈથી સત્ય સમજાવી શકાય તેવો હોય છે. (૧૦૫)

विहिउज्जमवन्नयभय-उस्सग्गववायतदुभयगयाइं ।
सुत्ताइं बहुविहाइं, समए गंभीरभावाइं ॥१०६॥

**હવે ભાવસાધુનું ત્રીજું લિંગ કહે છે -**

**૩-ઋજુપણાથી પ્રજ્ઞાપનીય** - ૧-વિધિ (વિધાન), ૨-ઉદ્યમ (અપ્રમાદ), ૩-પ્રશંસા, ૪-ભય, ૫-ઉત્સર્ગ, ૬-અપવાદ અને ૭-ઉત્સર્ગ અપવાદને જણાવનારાં ગમ્ભીર અર્થવાળાં અનેકવિધ સૂત્રો (વચનો-વાક્યો) આગમમાં

કહેલાં છે. (૧૦૬)

तेसिं विसयविभागं, अमुणंतो नाणवरणकम्मुदया ।
मुज्झइ जीवो तत्तो, सपरेसिमसग्गहं जणइ ॥१०७॥

તેના તે તે વિષયના વિવેકને જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી નહિ સમજતો ઋજુબુદ્ધિવાળો જીવ (અર્થ કરવામાં) મુંઝાય છે અને (તેથી પોતાની મતિકલ્પના પ્રમાણે અર્થ કરીને) પોતાને અને બીજાઓને દુરાગ્રહ પેદા કરે છે. (૧૦૭)

तं पुण संविग्ग गुरू, परहियकरणुज्जयाणुकंपाए ।
बोहिंति सुत्तविहिणा, पन्नवणिज्जं वियाणंता ॥१०८॥

પણ (તે ઋજુ (સરળ) બુદ્ધિવાળો હોવાથી) પરહિત કરવામાં તત્પર સંવેગી એવા ગુરૂ (ભાવ) અનુકમ્પાથી તેને સત્ય સમજાવવા યોગ્ય જાણતા હોવાથી યુક્તિથી સૂત્ર (અર્થ) સમજાવીને બોધ કરે છે. (૧૦૮)

सो वि असग्गहचाया, सुविसुद्धं दंसणं चरित्तं च ।
आराहिउं समत्थो, होइ सुहं उज्जुभावाओ ॥१०९॥

અને તે પણ સરળપણાથી દુરાગ્રહ તજવાથી (સત્યનો સ્વીકાર કરવાથી) અતિ નિર્મળ દર્શન અને ચારિત્રને સુખ પૂર્વક આરાધવા માટે સમર્થ (પ્રયત્નવંત) બને છે. (૧૦૯)

सुगइनिमित्तं चरणं, तं पुण छक्कायसंजमो चेव ।
सो पालिउं न तीरइ, विगहाइपमायजुत्तेहिं ॥११०॥

**હવે ભાવસાધુનું ચોથું લિંગ 'ક્રિયામાં અપ્રમાદ' કહે છે -**

**૪-ક્રિયામાં તત્પરતા** - ચારિત્ર સદ્ગતિ માટે પાળવાનું છે, તે ચારિત્ર છકાયજીવોની રક્ષા રૂપ છે, તેને વિકથા વિગેરે પ્રમાદ કરનારા (પ્રમાદીઓ) પાળી શકતા નથી. (૧૧૦)

पव्वज्जं विज्जं पिव, साहिंतो होइ जो पमाइल्लो ।
तस्स न सिज्झइ एसा, करेइ गरुयं च अवयारं ॥१११॥

વિદ્યાની સાધના કરવાની જેમ દીક્ષાની સાધના કરતો જે પ્રમાદ કરે છે તેને એ દીક્ષા સિદ્ધ થતી (સાધી શકાતી) નથી. ઉલટો દીક્ષા (વિદ્યાસાધક પ્રમાદ કરે તો મહાન નુકશાન

થાય તેમ) મોટો અપકાર કરે છે. (૧૧૧)

पडिलेहणाइचेट्ठा, छक्कायविघाइणी पमत्तस्स ।
भणिया सुयंमि तम्हा, अपमाई सुविहिओ होइ ॥११२॥

આગમમાં પ્રમાદીની પડિલેહણાદિ ક્રિયાઓ (પણ) છકાય જીવોની વિરાધના કરનારી કહી છે, માટે વિધિનો પક્ષપાતી ભાવસાધુ દરેક અનુષ્ઠાનોમાં પ્રમાદને તજે, અપ્રમાદી બને. (૧૧૨)

रक्खइ वएसु खलियं, उवउत्तो होइ समिइगुत्तीसु ।
वज्जइ अवज्जहेउं, पमायचरियं सुथिरचित्तो ॥११३॥

વ્રતોમાં અતિચારો ન લાગવા દે, સમિતિ ગુપ્તિરૂપ આઠ પ્રવચનમાતાઓના પાલનમાં ઉપયોગી બને, વધારે શું ? સ્થિર ચિત્તવાળો તે (ક્રિયામાં તલ્લીન બનીને) પાપના હેતુ-ભૂત સર્વ પ્રમાદાચરણનો ત્યાગ કરે. (૧૧૩)

कालंमि अणूणहियं, किरियंतरविरहिओ जहासुत्तं ।
आयरइ सव्वकिरियं, अपमाई जो इह चरित्ती ॥११४॥

જે ચારિત્રવંત આત્મા પોતાના આત્મહિતમાં અપ્રમત્ત હોય તે સર્વ અનુષ્ઠાનોને યોગ્યકાલે, અન્યૂન-અનધિક (જેટલું જે રીતે કરવાનું હોય તેટલું તે રીતે), વચ્ચે બીજી ક્રિયાઓ કર્યા વિના સૂત્ર (જિનાજ્ઞા) પ્રમાણે કરે. (૧૧૪)

संघयणादणुरूवं, आरंभइ सक्कमेवणुट्ठाणं ।
बहुलाभमप्पच्छेयं, सुयसारविसारओ सुजई ॥११५॥

**હવે ભાવસાધુનું પાંચમું લિંગ 'શક્યારંભ' કહે છે -**

**૫-શક્યકાર્યનો આરમ્ભ** - આગમના રહસ્યનો સુજાણ ભાવસાધુ સંઘયણબળ (તથા આદિ શબ્દથી) દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને અનુસારે શક્ય હોય તેવું - તેટલું ઘણો લાભ અને થોડો અપકાર થાય તેવું કાર્ય આરમ્ભે. (૧૧૫)

जह तं बहुं पसाहइ, निवडइ अस्संजमे दढं न जओ ।
जणिउज्जमं बहूणं, विसेसकिरियं तहाढवइ ॥११६॥

જે કારણે (શક્ય અનુષ્ઠાન આચરનારો) તેને (વારંવાર કરવાથી) અધિક કરે (કરી શકે) છે, નિયમા અસંયમમાં (માંદા પડવાથી ઔષધાદિ કરવાના પાપમાં)

પડતો નથી અને (એક આરમ્ભેલું પૂર્ણ થવાથી) બીજાં પણ ઘણા સાધર્મિઓનાં (સાધુઓનાં) કામો કરાનો ઉત્સહ વધે છે. તથા વિશિષ્ટ (પડિમા વહન વિગેરે) ક્રિયાઓને પણ આરમ્ભે છે. (૧૧૬)

गुरुगच्छुन्नइहेउं, कयतित्थपभावणं निरासंसो ।
अज्जमहागिरिचरियं, सुम रंतो कुणइ सक्किरियं ॥११७॥

તે વિશિષ્ટ ક્રિયાઓ કેવી કરે છે તે કહે છે કે - ગુરૂ અને ગચ્છ (અન્ય સાધુઓની). પણ ઉન્નતિના કારણભૂત તથા જેનાથી તીર્થ (શાસનની) પ્રભાવના થાય તેમ આર્યમહાગિરિના ચરિત્રને યાદ કરતો (તે પ્રમાણે) નિરાશંસ ચિત્તે ઉત્તમક્રિયાઓને કરે છે. (૧૧૭)

सक्कंमि नो पमायइ, असक्ककज्जे पवित्तिमकुणंतो ।
सक्कारंभो चरणं, विसुद्धमणुपालए एवं ॥११८॥

તેવો ભાવસાધુ અશક્ય કાર્યમાં પ્રવૃત્તિ કરતો નથી, શક્ય કાર્યમાં પ્રમાદ કરતો નથી, એમ શક્ય આરમ્ભને કરનારો વિશુદ્ધ ચારિત્રનું પાલન કરે છે. (૧૧૮)

जो गुरुमवन्नंतो, आरंभइ किर असक्कमवि किंचि ।
सिवभूइ व्व न एसो, सम्मारंभो महामोहा ॥११९॥

જે ગુરૂઆજ્ઞાની અવજ્ઞા કરીને કંઈક અશક્ય કાર્યને પણ આરમ્ભે છે તે શિવભૂતિની જેમ મહા મૂઢતાથી સમ્યક્ આરમ્ભવાળો નથી. અર્થાત્ શક્તિ ઉપરાન્તનું શુભ અનુષ્ઠાન કરવું હિતકર થતું નથી. (૧૧૯)

जायइ गुणेसु रागो, सुद्धचरित्तस्स नियमओ पवरो ।
परिहरइ तओ दोसे, गुणगणमालिन्नसंजणणे ॥१२०॥

**હવે ભાવસાધુનું છટ્ઠું લિંગ 'ગુણાનુરાગ' વર્ણવે છે.**

**૬-ગુણાનુરાગ** - શુદ્ધ ચારિત્રપાલન કરનારને નિયમા ગુણોમાં ઉત્તમ રાગ પ્રગટે છે, તેથી ગુણસમૂહમાં મલિનતા કરનારા દોષોને તે તજે છે. (૧૨૦)

गुणलेसं पि पसंसइ, गुरुगुणबुद्धीए परगयं एसो ।
दोसलवेण वि निययं, गुणनवहं निग्गुणं गणइ ॥१२१॥

મોટી (ઘણા) ગુણાનુરાગની બુદ્ધિથી (અતિ

ગુણાનુરાગથી) તે બીજાના ન્હાના પણ ગુણોની પ્રશંસા કરે છે અને ન્હાના (થોડા) પણ દૂષણથી પોતાના ગુણોને નિર્ગુણ ગણે છે (ગુણ સમજતો નથી). (૧૨૧)

पालइ संपत्तगुणं, गुणड्ढसंगे पमोयमुव्वहइ ।
उज्जमइ भावसारं, गुरुतरगुणरयणलाभत्थी ॥१२२॥

ગુણાનુરાગી પ્રાપ્ત થએલા ગુણોનું રક્ષણ કરે, વિશેષ ગુણવાળાઓનો યોગ મળે ત્યારે અતિહર્ષિત થાય અને અતિમોટા ગુણરૂપી રત્નોને મેળવવાનો અર્થી ધ્યાન-અધ્યયન-તપ વિગેરે ખૂબ સદ્ભાવથી કરે. (૧૨૨)

सयणो त्ति व सीसो त्ति व, उवगारि त्ति व गणिव्वओ वत्ति ।
पडिबंधस्स न हेऊ नियमा एयस्स गुणहीणो ॥१२३॥

ગુણાનુરાગીને 'આ મારો સ્વજન છે, આ શિષ્ય છે, આ ઉપકારી છે કે આ મારા ગચ્છનો સાધુ છે' એવો ગુણહીન નિયમા રાગનું કારણ ન બને. અર્થાત્ પરાયો સંબન્ધ વિનાનો પણ ગુણી જોઈ તેને આદર થાય પણ પોતાનો હોય તો પણ ગુણહીનમાં તેને રાગ ન થાય. (૧૨૩)

करुणावसेण नवरं, अणुसासइ तं पि सुद्धमग्गंमि ।
अच्चंताजोग्गं पुण, अरत्तदुट्ठो उवेहेइ ॥१२४॥

કિન્તુ માત્ર ભાવદયાને વશ તેવા ગુણહીન સંબન્ધી વિગેરેને પણ શુદ્ધમાર્ગે ચાલવા માટે હિતશિક્ષા આપે અને અત્યન્ત અયોગ્ય (હિતશિક્ષાને પણ લાયક ન) હોય તેને રાગદ્વેષ કર્યા વિના (ઉદાસીન વૃત્તિથી) છોડી દે, ઉપેક્ષા કરે. (૧૨૪)

उत्तमगुणाणुराया, कालाइदोसओ अपत्तावि ।
गुणसंपया परत्थ वि, नदुल्लहा होइ भव्वाणं ॥१२५॥

આ ભવમાં દુ:ષમાકાળ, સંઘયણસહાયક વિગેરેનો અભાવ, ઈત્યાદિ કારણે પ્રાપ્ત ન થઈ હોય તેવી પણ ગુણોની સંપત્તિ ગુણાનુરાગથીપરલોકમાં પણ ભવ્યજીવોને દુર્લભ થતી નથી. અર્થાત્ આ ભવમાં ન પ્રગટે તેવા પણ ગુણો અન્ય ભવમાં ગુણાનુરાગથી સહેલાઈથી પ્રગટે છે. (૧૨૫)

गुरुपयसेवानिरओ, गुरुआणाराहणंमि तल्लिच्छो ।
चरणभरधरणसत्तो, होइ जई नन्नहा नियमा ॥१२६॥

**હવે સાતમું લિંગ 'ગુરૂઆજ્ઞાની આરાધના' કહે છે**

**૭-ગુરૂઆજ્ઞાનું પાલન** - ગુરૂના ચરણની સેવાનો રાગી અને ગુરૂ આજ્ઞાના પાલનમાં તત્પર એવો સાધુ નિયમા ચારિત્રના ભારને (પાંચ મહાવ્રતોનું) વહન કરવા સમર્થ થાય, અન્યથા નહિ. (અર્થાત્ પાંચ મહાવ્રતોનું પાલન તલવારની ધારપર ચાલવા કરતાં ય દુષ્કર છે તેવું આકરૂં કાર્ય ગુરૂસેવાથી ગુરૂનો આશીર્વાદ મેળવનાર જ કરી શકે સ્વતન્ત્ર વર્તનાર અનુકૂળ પ્રતિકૂળ ઉપસર્ગોથી લૂંટાઈ જાય.) (૧૨૬)

सव्वगुणमूलभूओ, भणिओ आयारपढमसुत्ते जं ।
गुरुकुलवासोवस्सं, वसेज्ज तो तत्थ चरणत्थी ॥१२७॥

શ્રી આચારાંગના પ્રથમ સૂત્રમાં ગુરૂકુળવાસને સર્વ ગુણોની પ્રાપ્તિના મૂળભૂત કહ્યો છે, માટે ચારિત્રનો અર્થી ભાવસાધુ અવશ્ય ગુરૂકુળવાસમાં જ રહે. (૧૨૭)

एयस्स परिच्चाया, सुद्धुं छाइवि न सुंदरं भणियं ।
कम्माइ वि परिसुद्धं, गुरुआणावत्तिणो बिंति ॥१२८॥

એ ગુરૂકુળવાસનો ત્યાગ કર્યા પછી બેંતાલીશ દોષરહિત શુદ્ધઆહાર-ઉપધિ વિગેરે મેળવે (અર્થાત્ નિર્દોષ ચારિત્ર પાળે) તો પણ તેને સુન્દર (આત્મહિત સાધક) નથી કહ્યું અને ગુરૂઆજ્ઞામાં વર્તનારને આધાકર્મિક ઉદ્ગમ-ઉત્પાદન આદિ સકળ દોષથી દૂષિત આહારાદિ વાપરવું પડે તો પણ તે શુદ્ધ કહ્યું છે. (કારણ કે સંયમની રક્ષા માટે જ શાસ્ત્રોક્ત અપવાદ માર્ગે તેમ કરવું પડે તો પણ જિનાજ્ઞાનું પાલન થાય છે). (૧૨૮)

ता धन्नो गुरुआणं, न मुयइ नाणाइगुणगणनिहाणं ।
सुपसन्नमणो सययं, कयन्नुयं मणसि भाविंतो ॥१२९॥

માટે (ગુરૂઆજ્ઞાના પાલનમાં) પ્રસન્ન મનવાળો, ગુરૂના ઉપકારને હંમેશાં મનમાં ચિન્તવતો કૃતજ્ઞ એવો જે સાધુ જ્ઞાનાદિ ગુણસમૂહના નિધાન તુલ્ય ગુરૂઆજ્ઞાને છોડતો નથી તે ધન્યવાદને પાત્ર છે. (૧૨૯)

गुणवं च इसमो सुत्ते, जहत्थगुरुसद्दभायणं इट्ठो ।
गुणसंपयादरिद्दो, जहुत्तफलदायगो न मओ ॥१३०॥

આવો ગુણવાન હોય તે જ યથાર્થ ગુરૂ શબ્દનું પાત્ર સૂત્રમાં કહ્યો છે (અર્થાત્ એવો ગુણવાન જ 'ગુરૂ' કહેવડાવવા લાયક છે), જે ગુણસમ્પત્તિ વિનાનો દરિદ્ર હોય તેને શાસ્ત્રોક્ત (ગુરૂસેવાના) ફળને આપનાર માન્યો નથી. (અર્થાત્ તેવાની સેવા કરવાથી ગુરૂસેવાનું પૂર્ણ ફળ મળી શકતું નથી). (૧૩૦)

मूलगुणसंपउत्तो, न दोसलवजोगओ इमो हेओ ।
महुरोवक्कमओ पुण, पवत्तियव्वो जहुत्तम्मि ॥१३१॥

ઉપરના સદ્ગુરૂના વર્ણનથી વર્તમાનમાં કોઈ એવા ગુરૂ ન મળે તો કોની સેવા કરવી, કોની ન કરવી ? એમ મુંઝાય તેને કહે છે કે - જે ગુરૂ મૂળગુણથી અવિરાધક હોય તેનો સામાન્ય અલ્પ દોષ જોઈને છોડી ન દેવો, કિન્તુ સદ્ભાવપૂર્વક અનુકૂળ ઉપાયોથી શુદ્ધમાર્ગમાં વાળવો. (૧૩૧)

पत्तो सुसीससद्दो, एवं कुणंतेण पंथगेणावि ।
गाढप्पमाइणो वि हु, सेलगसूरिस्स सीसेणं ॥१३२॥

અતિ પ્રમાદી એવા પણ શ્રીશેલકાચાર્યના શિષ્ય શ્રી પંથકમુનિએ પ્રમાદી પણ ગુરૂની એ પ્રમાણે સેવા કરતાં 'સુશિષ્ય' એવું બિરૂદ મેળવ્યું. (૧૩૨)

एवं गुरुबहुमाणो, कयन्नुया सयलगच्छगुणवुड्ढी ।
अणवत्थापरिहारो, हुंति गुणा एवमाईया ॥१३३॥

એ પ્રમાણે ગુરૂસેવા કરનાર મુનિને ગુરૂ પ્રત્યે બહુમાન, કૃતજ્ઞતા, સકળ ગચ્છવાસી સાધુઓના ગુણોની વૃદ્ધિ અને અનવસ્થાનો (સાધુ જીવનની મર્યાદાની હાનિનો) પરિહાર વિગેરે અનેક ગુણો (લાભ) થાય છે. (૧૩૩)

इहरा वुत्तगुणाणं, विवज्जओ तह य अत्तउक्करिसो ।
अप्पच्चओ जणाणं, बोहिविधायाइणो दोसा ॥१३४॥

અન્યથા (ગુરૂને છોડી દેવાથી) એ કહ્યા તે ગુણોથી વિપરીત દૂષણો વધે છે, પોતાના આત્માનો ઉત્કર્ષ (પોતાના ગુણોનું અભિમાન) થાય છે, લોકોને પણ સાધુઓ પ્રત્યે અવિશ્વાસ પ્રગટે છે અને એથી બોધિ (સમકિત)ની પ્રાપ્તમાં તેઓને વિઘ્ન (મિથ્યાત્વનો બન્ધ) થાય છે, તેમાં નિમિત્ત

બનનાર તે સાધુને પણ મિથ્યાત્વનો બન્ધ થાય છે. (૧૩૪)

बकुसकुसीला तित्थं, दोसलवा तेसु नियमसंभविणो ।
जइ तेहिं वज्जणिज्जो, अवज्जणिज्जो तओ नत्थि ॥१३५॥

અથવા પુલાક-બકુશ-કુશીલ, નિર્ગ્રન્થ અને સ્નાતક એ પાંચ પ્રકારોમાં બકુશ અને કુશીલ સાધુઓથી આ શાસન (પાંચમા આરાના અન્ત સુધી) ચાલવાનું છે, તે સાધુઓમાં થોડા થોડા દોષો અવશ્ય સંભવિત છે, જો તેઓ બીજા સાધુઓને દૂષિત માની તજી દે, તો (તેઓ પણ દોષથી ભરેલા હોવાથી વર્જનીય જ થશે એમ બધા સાધુઓ વર્જનીય જ બનશે તો) અવર્જનીય કોઈ નથી. (૧૩૫)

इय भावियपरमत्था, मज्झत्था नियगुरुं न मुंचंति ।
सव्वगुणसंपओगं, अप्पाणंमि वि अपेच्छंता ॥१३६॥

એથી પરમાર્થનો વિચાર કરતા પોતાનામાં પણ સર્વ ગુણોની પ્રાપ્તિ નહિ જોતા (પોતે પણ અધુરો છે એમ માનતા) ભાવસાધુઓ મધ્યસ્થ બની પોતાના ગુરૂને છોડી દેતા નથી. (૧૩૬)

एयं अवमन्नंतो, वुत्तो सुत्तम्मि पावसमणो त्ति ।
महमोहबंधगो वि य, रिंवसंतो अपडितप्पंतो ॥१३७॥

(જે ગુરૂની અવજ્ઞા કરે તેને મહા અનર્થ થાય તે કહે છે કે -) એ અલ્પદોષવાળા ગુરૂને છોડી દેનારા સાધુને આગમમાં પાપ સાધુ કહ્યો છે અને ગુરૂની નિન્દા અવહેલના તથા વૈયાવચ્ચાદિ ગુરૂભક્તિમાં અનાદર કરનારા તને મહા મોહનીય (મિથ્યાત્વ) કર્મનો બન્ધક કહ્યો છે. (૧૩૭)

सविसेसं पि जयंतो, तेसिमवन्नं विवज्जए सम्मं ।
तो दंसणसोहीओ, सुद्धं चरणं लहइ साहू ॥१३८॥

ગુરૂની બરાબર તો શું ? તેઓથી વધારે ચારિત્રની આરાધના કરનારો પણ તેઓની (ગુરૂની) અવજ્ઞાને સર્વથા તજે, તો દર્શનની - સમ્યક્ત્વની શુદ્ધિ થવાથી સાધુ શુદ્ધ ચારિત્રને પ્રાપ્ત કરે. (૧૩૮)

इय सत्तलक्खणधरो, होइ चरित्ती तओ य नियमेण ।
कल्लाणपरंपरलाभ-जोगओ लहइ सिवसोक्खं ॥१३९॥

એ સાત લક્ષણોને ધારણ કરનારો આત્મા શુદ્ધ ચારિત્રવન્ત છે, તેથી નિયમા ઉત્તરોત્તર વિશેષ કલ્યાણ (શુદ્ધિ) થવાથી તે મોક્ષસુખને પામે છે. (૧૩૯)

दुविहं पि धम्मरयणं, तरइ नरो घेत्तुमविगलं सो उ ।
जस्सेगवीसगुणरयण-संपया सुत्थिया अत्थि ॥१४०॥

એમ સાધુ ધર્મ અને શ્રાવક ધર્મરૂપ બન્ને પ્રકારના ધર્મરૂપ રત્નને સંપૂર્ણપણે તે મનુષ્ય પામી શકે તે જેને એકવીશ ગુણોરૂપી સમ્પત્તિ શુદ્ધ (દોષ રહિત) છે. (૧૪૦)

ता सुट्ठु इमं भणियं, पुव्वायरिएहिं परहियरएहिं ।
इगवीसगुणोवेओ, जोग्गो सइ धम्मरयणस्स ॥१४१॥

તેથી પરહિતમાં તત્પર એવા પૂર્વાચાર્યોએ આ બરાબર જ કહ્યું છે કે જે એકવીશ ગુણોવાળો હોય તે સદા ધર્મરત્નને માટે યોગ્ય છે. (૧૪૧)

धम्मरयणोच्चियाणं, देसचरित्तीण तह चरित्तीणं ।
लिंगाइं जाइं समए, भणियाइं मुणियतत्तेहिं ॥१४२॥

ધર્મરત્નને ઉચિત એવા દેશવિરતિવાળાઓનાં તથા સર્વવિરતિવાળાઓનાં (શ્રાવકનાં તથા સાધુનાં) જે લિંગો તત્ત્વના જાણ જ્ઞાનીઓએ આગમમાં કહ્યાં છે. (૧૪૨)

तेसि इमो भावत्थो, नियमइविभवाणुसारिओ भणिओ ।
सपराणुग्गहहेउं, समासओ संतिसूरीहिं ॥१४३॥

તેનો આ ભાવાર્થ શ્રીશાન્તિસૂરિજીએ સ્વ-પર ઉપકાર માટે પોતાની બુદ્ધિરૂપી વૈભવને અનુસારે ટુંકમાં કહ્યો. (૧૪૩)

जो परिभावइ एयं, सम्मं सिद्धंतगब्भजुत्तीहिं ।
सो मुत्तिमग्गलग्गो, कुग्गहगत्तेसु न हु पडइ ॥१४४॥

જે સિદ્ધાન્તના સારભૂત યુક્તિથી આ ધર્મલિંગના ભાવને (અર્થને) સમ્યગ્ રીતે વિચારેછે તે મુક્તિમાર્ગને પામેલો કદી પણ દુરાગ્રહરૂપી ખાડામાં પડતો નથી. (૧૪૪)

इय धम्मरयणपगरण-मणुदियहं जे मणंमि भावेंति ।
ते गलियकलिलपंका, निव्वाणसुहाइं पावेंति ॥१४५॥

એ રીતે આ ધર્મરતન પ્રકરણને જેઓ પ્રતિદિન મનમાં વિચારે છે તેઓ પાપપંકનો નાશ કરીને નિર્વાણ-મોક્ષ સુખને પામે છે. (૧૪૫)

### ॥ पूर्वमहर्षिविरचिता ॥

## ॥ श्रीहृदयप्रदीपषट्त्रिंशिका ॥

शब्दादिपञ्चविषयेषु विचेतनेषु,
योऽन्तर्गता हृदि विवेककलां व्यनक्ति ।
यस्माद्भवान्तरगतान्यपि चेष्टितानि,
प्रादुर्भवन्त्यनुभवं तमिमं भजेथाः ॥१॥

હૃદયમાં રહેલો જે અનુભવ શબ્દ, રૂપ, રસ, ગન્ધ અને સ્પર્શ એ ઇન્દ્રિઓના પાંચ જડ વિષયોમાં વિવેકરૂપી દીપકની જ્યોતિને પ્રગટાવે છે અને જેના બળે ભવાન્તરમાં આચરેલાં પણ શુભાશુભ કાર્યો પ્રગટ થાય (સમજાય) છે, હે આત્મા ! તું તે અનુભવનો આશ્રય કર. (૧)

जानन्ति केचन्नतु कर्तुमीशाः,
कर्तुं क्षमा ये च न ते विदन्ति ।
जानन्ति तत्त्वं प्रभवन्ति कर्त्तुं,
ते केपि लोके विरला भवन्ति ॥२॥

કેટલાક તત્ત્વને જાણી (સમજી) શકે છે, પરંતુ તે પ્રમાણે કરવા સમર્થ નથી હોતા, તો કોઈ કરવા માટે સમર્થ હોય છે તેઓ તત્ત્વને જાણી નથી શકતા. આ જગતમાં તત્ત્વને જાણીને તે પ્રમાણે કરવા (જીવન જીવવા) માટે જે સમર્થ છે તેવા આત્માઓ કોઈ વિરલ જ હોય છે. (૨)

सम्यग् विरक्तिर्ननु यस्य चित्ते,
सम्यग् गुरुर्यस्य च तत्त्ववेत्ता ।
सदानुभूत्या दृढनिश्चयो यस्तस्यैव
सिद्धिर्न हि चापरस्य ॥३॥

જેના ચિત્તમાં નિશ્ચે સુન્દર વૈરાગ્ય છે, જેના ગુરૂ સમ્યક્ તત્ત્વના જાણ છે અને એ બેના યોગે શુદ્ધ અનુભવ

જ્ઞાનથી જેને દઢ નિશ્ચય (પ્રણિધાન) થાય છે તેની જ સિદ્ધિ થાય છે. બીજાની થતી નથી. (૩)

विग्रहं कृमिनिकायसङ्कुलं,
दुःखदं हृदि विवेचयन्ति ये ।
गुप्तिबन्धमिव चेतनं हि ते,
मोचयन्ति तनुयन्त्रयन्त्रितम् ।।४।।

જેઓ પોતાના હૃદયમાં કૃમિઆના સમૂહથી ભરેલા દુઃખદાયી શરીરને આત્માથી ભિન્ન સમજે છે તેઓ જેલના બન્ધનથી બન્ધાએલા કેદીની જેમ શરીરરૂપી કેદખાનામાં પૂરાએલા આત્માને છૂટો કરી શકે છે. (૪)

भोगार्थमेतद् भविनां शरीरम्,
ज्ञानार्थमेतत् किल योगिनां वै ।
जा (ज्ञा) ता विषं चेद्विषया हि
सम्यग्-ज्ञानात्ततः किं कुणपस्य पुष्टया ? ।।५।।

સામાન્ય જીવોને આ શરીર ભોગને માટે સાધન બને

છે, તે જ શરીર યોગીઓને જ્ઞાનનું સાધન બને છે. (અર્થાત્ યોગીઓ શરીરના જ્ઞાનથી તત્ત્વને પીછાણે છે.) જો સમ્યગ્ જ્ઞાનદ્વારા વિષયોને વિષ તુલ્ય જાણ્યા અથવા વિષયો વિષરૂપ બન્યા એમ જાણ્યું તો એ મુડદાનું (જડ શરીરનું) પોષણ કરવાથી શું ફળ ? (૫)

त्वङ्मांसमेदोऽस्थिपुरीषमूत्र-
पूर्णेऽनुरागः कुणपे कथं ते ? ।
दृष्टा च वक्ता च विवेकरूपस्त्वमेव
साक्षात् किमु मह्यसीत्थम् ॥६॥

ચામડી, માંસ, મેદ, હાડકાં અને મળસૂત્રથી પૂર્ણ ભરેલા એ મુડદામાં હે મહાનુભાવ ! તને રાગ કેમ થાય છે ? તું પ્રત્યક્ષ જુવે છે, બીજાઓને પણ સમજાવે છે, એમ તું પોતે જ વિવેકી (વેવક સ્વરૂપ) છે, તો આમ ત્હારો સ્વાર્થ સાધવામાં તું (શરીરના રાગને વશ થઈ) આમ કેમ મુંઝાય છે ? (૬)

धनं न केषां निधनं गतं वै,

दरिद्रिणः के धनिनो न दृष्टाः ।

दुःखैकहेतुनिधनेऽतितृष्णां,

त्यक्त्वा सुखी स्यादिति मे विचारः ॥७॥

કોનું ધન નાશ નથી પામ્યું ? કોણ (દરિદ્રી ધનવાન કે) ધનવાન દરિદ્રી નથી થયા ? એવા દુઃખના એક માત્ર હેતભૂત ધનમાં અતિતૃષ્ણાને છોડીને જ સુખી થવાય એમ હું માનું છું. (૭)

संसारदुःखान्न परोऽस्ति रोगः,

सम्यगविचारात् परमौषधं न ।

तद्रोगदुःखस्य विनाशनाय,

सच्छास्त्रतोयं क्रियते विचारः ॥८॥

સંસારનાં દુઃખોથી બળવાન બીજો કોઈ રોગ નથી અને વિવેકપૂર્વકના સમ્યક્ વિચારથી બળવાન બીજું કોઈ ઔષધ નથી, માટે તે સંસારરૂપ રોગનો સર્વથા નાશ કરવા માટે સમ્યક્ શાસ્ત્રરૂપી જળનું પાન કરવા દ્વારા સદ્‌વિચાર

કરવો જોઈએ. (૮)

अनित्यतया यदि चेत् प्रतीति -
स्तत्त्वस्य निष्ठा च गुरुप्रसादात् ।
सुखी हि सर्वत्र जने वने च,
नो चेद्वने चाथ जनेषु दुःखी ॥९॥

જો ગુરૂકૃપાથી અનિત્ય પદાર્થોની અનિત્યતાની તને પ્રતીતિ થઈ છે અને તત્ત્વમાં શ્રદ્ધા થઈ છે તો તું જનસમૂહમાં કે વનમાં સર્વત્ર સુખી છે અને જો એવી પ્રતીતિ અને શ્રદ્ધા નથી પ્રગટી તો તું મનુષ્યોના સહવાસમાં કે વનમાં એકાન્તમાં પણ દુઃખી (થવાનો) છે, અર્થાત્ સુખ જનમાં કે વનમાં નથી કિન્તુ તત્ત્વની શ્રદ્ધામાં છે. (૯)

मोहान्धकारे भ्रमतीह तावत्,
संसारदुःखैश्च कदर्थ्यमानः ।
यावद्विवेकार्कमहोदयेन,
यथास्थितं पश्यति नात्मरूपम् ॥१०॥

જીવ સંસારનાં દુ:ખોથી પીડાતો મોહરૂપી અન્ધારામાં ત્યાં સુધી અટવાય છે કે તે જ્યાં સુધી વિવેકરૂપી સૂર્યના ઉદયથી યથાર્થ સ્વરૂપે આત્માના સ્વરૂપને જોતો નથી. અર્થાત્ આત્મજ્ઞાનીને મોહ કે સંસારનાં દુ:ખો દુ:ખી કરી શકતાં નથી. (૧૦)

अर्थो ह्यनर्थो बहुधा मतोऽयम्,
स्रीणां चरित्राणि शवोपमानि ।
विषेण तुल्या विषयाश्च तेषां,
येषां हृदि स्वावात्मलयानुभूतिः ॥११॥

જેઓના હૃદયમાં આત્માની લયલીનતા રૂપ અનુભવ પ્રગટ થયો છે, આત્માનુભવ પ્રગટેલો છે, તેઓને આ બહુમાન્ય એવો પણ અર્થ (ધન) અનર્થરૂપ ભાસે છે, સ્ત્રીઓનાં ચરિત્રો મુડદાની ચેષ્ટારૂપ લાગે છે અને વિષયો વિષતુલ્ય ભાસે છે. અર્થાત્ આત્મજ્ઞાની ધનમાં, સ્ત્રીઓના હાવભાવમાં કે ઇન્દ્રિયોના વિષયમાં ફસાતો નથી. (૧૧)

कार्यं च किं ते परदोषदृष्ट्या,
कार्यं च किं ते परचिन्तया च ।
वृथा कथं खिद्यसि बालबुद्धे !,
कुरु स्वकार्यं त्यज सर्वमन्यत् ॥१२॥

હે આત્મન્ ! તારે બીજાના દોષ જોવાનું શું પ્રયોજન છે ? બીજાની ચિન્તાનું પણ તારે શું કામ છે ? હે બાલબુદ્ધિ અજ્ઞાની જીવ ! વૃથા શા માટે દુઃખી થાય છે ? ત્હારૂં પોતાનું (આત્મહિતરૂપ) કાર્ય કર અને એ સિવાયનું બીજું સઘળું છોડ ! (૧૨)

यस्मिन् कृते कर्मणि सौख्यलेशो,
दुःखानुबन्धस्य तथास्ति नान्तः ।
मनोऽभितापो मरणं हि यावत्,
मूर्खोऽपि कुर्यात् खलु तन्न कर्म ॥१३॥

જે કાર્ય કરવાથી સુખ લેશમાત્ર મળે છે અને તેના પરિણામે દુઃખની પરમ્પરાનો અન્ત આવતો નથી, ઘણા કાળ પર્યન્ત દુઃખો ભોગવવાં પડે છે, મનનો સંતાપ વધે છે અને

અન્તે મરણ થાય છે, એવું કાર્ય કોઈ મૂર્ખ મનુષ્ય પણ ન કરે ! માટે હે જીવ ! આપાત મધુર અને પરિણામે દારૂણ કાર્યોના લાભાલાભનો વિવેક કરી અલ્પ સુખ માટે દુ:ખનાં ડુંગરા ઉભા ન કર. (૧૩)

यदर्जितं वै वयसाऽखिलेन,
ध्यानं तपो ज्ञानमुखं च सत्यम् ।
क्षणेन सर्वं प्रदहत्यहो तत्,
कामो बली प्राप्य बलं (छलं ?) यतीनाम् ।।१४।।

યતિઓએ પણ જે આખી ઉમ્મરમાં ધ્યાન, તપ, જ્ઞાન વિગેરે સત્યને (તત્ત્વને) મેળવ્યું હોય તે બલિષ્ઠ કામ તક મેળવીને એક ક્ષણમાં સઘળું ય બાળી મૂકે છે. (૧૪)

बलादसौ मोहरिपुर्जनानां,
ज्ञानं विवेकं च निराकरोति ।
मोहाभिभूतं हि जगद्विनष्टं,
तत्त्वावबोधादपयाति मोहः ।।१५।।

મોહ બલાત્કારે જીવોના જ્ઞાન અને વિવેકને નાશ કરે છે (આવરી લે છે), એથી જ મોહથી પરાભવ પામેલું જગત નાશ પામી રહ્યું છે (દુઃખી દુઃખી થઈ ગયું છે), આ દુષ્ટ મોહ તત્ત્વજ્ઞાનથી દૂર થાય છે. અર્થાત્ તત્ત્વાવબોધ વિના મોહનો પરાભવ નહિ, વિવેકની પ્રાપ્તિ નહિ અને વિવેક વિના સુખ કદાપિ મળે નહિ. માટે હે જીવ ! તત્ત્વોને સમજવા પ્રયત્ન કર. (૧૫)

सर्वत्र सर्वस्य सदा प्रवृत्ति-
र्दुःखस्य नाशाय सुखस्य हेतोः ।
तथापि दुःखं न विनाशमेति,
सुखं न कस्यापि भजेत् स्थिरत्वम् ॥१६॥

સર્વત્ર સર્વકાળે સર્વજીવોની પ્રવૃત્તિ દુઃખનો નાશ કરવા અને સુખને મેળવવા માટે હોય છે, તો પણ દુઃખ નાશ પામતું નથી અને જે જે સુખ મેળવે છે તે કોઈને સ્થિર રહેતું નથી. (આ પરિસ્થિતિનું મૂળ શોધી શાશ્વત સુખ કેમ મળે, ક્યાંથી મળે અને તે કેવું હોય ? વિગેરે સમજવું જોઈએ.

માત્ર આંધળી પ્રવૃત્તિથી અનન્તો કાળ ગયો તે સમજીને સત્યની શોધ કરવી જોઈએ.) (૧૬)

यत् कृत्रिमं वैषयिकादि सौख्यम्,
भ्रमन् भवे को न लभेत ? मर्त्यः ।
सर्वेषु तच्चाधममध्यमेषु,
यद् दृश्यते तत्र किमद्भुतं च ॥१७॥

જે વિષયભોગ વિગેરે કૃત્રિમ સુખ છે, તેને આ સંસારમાં ભમતો કયો મનુષ્ય (જીવ) મેળવી શકતો નથી? જે સુખ અધમ (મૂર્ખ) મધ્યમ (સામાન્ય બુદ્ધિવાળા) સર્વને (ઓછા વધારે પ્રમાણમાં) હોય છે તે સુખમાં તને શું આશ્ચર્ય દેખાય છે? (૧૭)

क्षुधातृषाकामविकाररोष-
हेतुश्च तद् भेषजवद्वदन्ति ।
तदस्वतन्त्रं क्षणिकं प्रयासकृत्,
यतीश्वरा दूरतरं त्यजन्ति ॥१८॥

તું જે કૃત્રિમ સુખમાં મૂઢ બને છે તે સુખને (આત્માના આરોગ્યને પીછાનતા) વૈદ્યો (જ્ઞાનીઓ) ભૂખ, તૃષા, કામ વિકાર અને ક્રોધ વિગેરે (રોગોનું) કારણ માને છે, તે સુખ પરાધીન છે, ક્ષણિક છે, અતિ પ્રયત્ન સાધ્ય છે, માટે સાધુપુરૂષો તેવા તે સુખથી દૂર રહે છે - અતિ દૂર ફેંકી દે છે, તેની ઇચ્છા પણ કરતા નથી. (૧૮)

गृहीतलिङ्गस्य च चेद्धनाशा,
गृहीतलिङ्गो विषयाभिलाषी ।
गृहीतलिङ्गो रसलोलुपश्चेद्,
विडम्बनं नास्ति ततोऽधिकं हि ॥१९॥

સાધુવેષ ધારણ કરનારાને પણ જો ધનની આશા હોય, સાધુવેષધારી પણ જો વિષયોની અભિલાષાવાળો હોય અને સાધુ થવા છતાં પણ જો તે રસનો લોલુપી હોય તો આ જગતમાં એનાથી બીજું કોઈ (મોટું) વિડમ્બન નથી. જે સાધુ વેષથી પણ વૈરાગ્યને સાધી શકે નહિ તેને આ જગતમાં વૈરાગ્યનું બીજું કોઈ સાધન નથી, અમૃતથી પણ રોગ વધે તેને ઔષધ ક્યું હોઈ

શકે ? તેમ સાધુ બનવા છતાં જડ-અનિત્યમાં રાગ ન ટળે તો તેને દુ:ખમાંથી કોણ બચાવી શકે ? (૧૯)

ये लुब्धचित्ता विषयार्थभोगे,
बहिर्विरागा हृदि बद्धरागाः ।
ते दाम्भिका वेषधराश्च धूर्ता,
मनांसि लोकस्य तु रञ्जयन्ति ॥२०॥

જે લોલુપી ચિત્તવાળા બહારથી વૈરાગી અને હૃદયમાં વિષયોમાં, ધનમાં અને ભોગોમાં રાગવાળા છે તે દામ્ભિકો, માત્ર બાહ્ય વેષધારી ધુતારાઓ લોકોનાં મનને રંજન માત્ર કરનારા છે. (તેઓ લોકોને સત્ય માર્ગે દોરી શકતા નથી, પોતાના સ્વાર્થને સાધવા ઉંધે માર્ગે ચઢાવે છે.) (૨૦)

मुग्धश्च लोकोऽपि हि यत्र मार्गे,
निवेशितस्तत्र रतिं करोति ।
धूर्तस्य वाक्यैः परिमोहितानां,
केषां न चित्तं भ्रमतीह लोके ॥२१॥

લોક પણ ભોળો-મૂઢ છે કે તેને સાચા ખોટા જે માર્ગે દોરવામાં આવે તેમાં (વિવેક કર્યા વિના) રાગી બની જાય છે. આવા મૂઢ લોકમાં ધુતારાનાં વાક્યોથી મુંઝાએલા કોનું ચિત્ત ભમતું નથી? અર્થાત્ કપટી સાધુ ભોળા લોકને પોતાના વાક્જાળમાં મુંઝાવીને સત્ય માર્ગેથી તેના ચિત્તને ભમાવી દે છે. (૨૧)

ये निःस्पृहास्त्यक्त

समस्तरागास्तत्त्वैकनिष्ठा गलिताभिमानाः ।

सन्तोषपोषैकविलीनवाञ्छा-

स्ते रञ्जयन्ति स्वमनो न लोकम् ॥२२॥

જેઓ પરની સ્પૃહા વિનાના, સર્વના રાગનો ત્યાગ કરનારા (વિરાગી), એક માત્ર તત્ત્વની શ્રદ્ધાવાળા, અભિમાન રહિત અને એક સંતોષની પુષ્ટિના કારણે સર્વ વાઞ્છાઓથી રહિત છે તેઓ પોતાના ચિત્તને રાજી કરનારા હોય છે. લોકને રજી કરનારા હોતા નથી. (અર્થાત્ લોકને રાજી કરવાનું તેમનું ધ્યેય હોતું નથી પણ સત્ય સમજાવીને

દુઃખથી છોડાવવાનું હોય છે.) (૨૨)

तावद्विवादी जनरञ्जकश्च,

यावन्न चैवात्मरसे सुखज्ञः ।

चिन्तामणिं प्राप्य वरं हि लोके,

जने जने कः कथयन् प्रयाति ।।२३।।

જ્યાં સુધી આત્મા પોતાના સ્વરૂપમાં (સમતા-સંતોષ વિગેરેમાં) સુખનો અનુભવ નથી કરતો (આત્મગુણોનો આસ્વાદી નથી) ત્યાં સુધી જ વાદવિવાદ કરનારો અને જનરઞ્જનમાં આનન્દ માને છે. આત્મગુણોનો રસ ચાખ્યા પછી તેને બીજે ક્યાં ય રસ નથી રહેતો. કારણ કે લોકમાં શ્રેષ્ઠ ચિન્તામણિ રત્નને મેળવીને કોણ જેને તેને કહેતો ફરે ? (અર્થાત્ આત્મગુણોનો રસીઓ પોતાના ગુણોને બહાર જણાવવા ઈચ્છતો જ નથી. જેમ ધનવાનને પોતાનું ધન ચોરાઈ-લૂંટાઈ જવાનો ભય હોવાથી બીજાને તે જણાવતો નથી તેમ સાચો ગુણવાન પ્રશંસા વિગેરેથી લૂંટાઈ જવાના ભયે પોતાના ગુણોને પ્રગટ કરતો નથી.) જે સ્વગુણોને સ્વયં

પ્રકાશે છે તે સાચો ગુણવાન્ નથી. (૨૩)

षण्णां विरोधोऽपि च दर्शनानाम्,
तथैव तेषां शतशश्च भेदाः ।
नानापथे सर्वजनः प्रवृत्तः,
को लोकमाराधयितुं समर्थः ॥२४॥

આ જગતમાં છએ દર્શનોનો પરસ્પર વિરોધ છે, એ રીતે તે તે દર્શનોમાં પણ સેંકડો ભેદો વર્તે છે અને લોક પણ ભિન્ન ભિન્ન માર્ગે દોડી રહ્યો છે (આ બધું આત્મસ્વરૂપની નિષ્ઠાના અભાવનું પરિણામ છે) એવા લોકને વશ કરવા, સત્ય માર્ગે ચઢાવવા માટે કોણ સમર્થ છે ? (૨૪)

तदेव राज्यं हि धनं तदेव,
तपस्तदेवेह कला च सैव ।
स्वस्थे भवेच्छीतलताशये चे -
न्नो वेद् वृथा सर्वमिदं हि मन्ये ॥२५॥

જો સ્વસ્થ (સમતાવાળા) ચિત્તમાં શીતલતાનો

અનુભવ થાય તો તે જ રાજ્યવૈભવ છે, તે જ ઉત્તમ ધન છે, તે જ સાચો તપ છે અને તે જ એક સાચી કળા (જ્ઞાન) છે. અર્થાત્ સમતામાં (સ્વરૂપમાં) આનન્દનો અનુભવ એ જ આત્માનું સર્વસ્વ છે જો એ શીતલતાનો આનન્દ પ્રગટ્યો નથી તો હું માનું છું કે રાજ્ય, ધન, તપ કે કળા સર્વ વૃથા છે. તેનાથી આત્માને કંઈ સુખ થવાનું નથી. (૨૫)

रुष्टैर्जनैः किं यदि चित्तशान्ति

स्तुष्टैर्जनैः किं यदि चित्ततापः ।

प्रीणाति नो नैव दुनोति चान्यान्,

स्वस्थः सदोदासपरो हि योगी ॥२६॥

જો ચિત્તમાં શાન્તિ છે તો લોકો રોષ કરે તેથી આત્માને શું (દુઃખ) છે ? અને જો ચિત્તમાં સંતાપ છે તો બીજાઓ પ્રસન્ન થાય તેથી પણ શું છે ? સદા પરપદાર્થમાં ઉદાસનીતાને (ઉપેક્ષાને) ભજનારો આત્મગુણમાં નિષ્ઠ યોગી બીજાઓને પ્રસન્ન કરતો નથી તેમ દુઃખી પણ કરતો નથી. (અર્થાત્ સાચા યોગીને પોતાના દુઃખ સુખની અપેક્ષા હોય છે, બીજાની

ઉપેક્ષા હોય છે.) (૨૬)

एक: पापात् पतति नरके याति पुण्यात् स्वरेक:,
पुण्यापुण्यप्रचयविगमात् मोक्षमेक: प्रयाति ।
संगान्नूनं न भवति सुखं न द्वितीयेन कार्यम्,
तस्मादेको विचरति सदानन्दसौख्येन पूर्ण: ॥२७॥

એક પાપના સંગથી નકરમાં પડે છે, એક પુણ્યના સંયોગથી સ્વર્ગ જાય છે, ત્યારે એક પુણ્ય પાપના સમૂહનો અભાવ (નાશ) થવાથી મોક્ષમાં જાય છે. એમ નિશ્ચે પરપદાર્થના સંગથી સુખ નથી, માટે આત્માને પોતાના ગુણ સિવાય બીજા કોઈનું પ્રયોજન નથી એમ સમજી સ્વગુણમાં પૂર્ણતાને અનુભવનારો પૂર્ણ યોગી સદા ય આત્માનન્દરૂપ સુખને અનુભવતો એકલો જ વિચરે છે, અર્થાત્ સાચો યોગી પરની આશા સેવતો નથી. (૨૭)

त्रैलोक्यमेतद् बहुभिर्जितं
यैर्मनोजये तेऽपि यतो न शक्ता: ।

मनोजयस्यात्र पुरो हि तस्मात्,

तृणं त्रिलोकीविजयं वदन्ति ॥२८॥

જે ઘણાઓએ આ ત્રણે ય જગતનો વિષય કર્યો, તેઓ પણ પોતાના મનનો વિજય કરવા સમર્થ ન થાય, માટે એ મનના વિજયની સામે ત્રણે જગતના વિજયને પણ જ્ઞાનીઓ તૃણ સમાન ગણે છે. (અર્થાત્ જગતને જીતવું તે મોટી વાત નથી. કિન્તુ મનને જીતવું-સંતોષી નિર્વિકલ્પ બનાવવું તે દુષ્કરમાં પણ દુષ્કર છે, માટે જ્ઞાનીઓ મનના વિજયને જ સાચો વિજય સમજે છે અને તે માટે ઉદ્યમ કરે છે.) (૨૮)

मनोलयान्नास्ति परो हि योगो,

ज्ञानं तु तत्त्वार्थविचारणाच्च ।

समाधिसौख्यान्न परं च सौख्यम्,

संसारसारं त्रयमेतदेव ॥२९॥

મનની જે આત્મગુણોમાં એકાગ્રતા (સ્વગુણોમાં આનન્દ) તેનાથી શ્રેષ્ઠ બીજો યોગ નથી, તત્ત્વભૂત પદાર્થની

વિચારણાથી શ્રેષ્ઠ કોઈ જ્ઞાન નથી અને સમાધિ સુખથી બીજું સાચું સુખ નથી. આ ત્રણ જ સંસારમાં સારભૂત છે. (એના વિનાનું સર્વ અસાર છે.) (૨૯)

या सिद्धयोऽष्टावपि दुर्लभा ये,

रसायनं चाञ्जनधातुवादाः ।

ध्यानानि मन्त्राश्च समाधियोगाश्चित्ते

प्रसन्ने विषवद् भवन्ति ॥३०॥

જેને માટે જગત મથી રહ્યું છે તે બાહ્ય આઠે ય સિદ્ધિઓ, રસાયન સિદ્ધિ, અઞ્જન સિદ્ધિ અને (સુવર્ણ સિદ્ધિ વિગેરે) ધાુવાદો તથા ધ્યાનો, મન્ત્રો અને સમાધિ માટેના (આસનાદિનો જય કરવારૂપ) પ્રયોગો, એ સઘળું ચિત્ત જો પ્રસન્ન હોય તો ઝેર તુલ્ય છે. (અર્થાત્ આત્મરસનિમગ્ન તૃપ્ત યોગીને એ બાહ્ય સાધનાઓનો લેશ પણ રસ નથી રહેતો ઉલટું આત્માનન્દમાં વિઘ્નભૂત દેખાય છે.) (૩૦)

विन्दन्ति तत्त्वं न यथास्थितं वै,
सङ्कल्पचिन्ताविषयाकुला ये ।
संसारदुःखैश्च कदर्थितानाम्,
स्वप्नेऽपि तेषां न समाधिसौख्यम् ॥३१॥

જેઓ વિષયોના રાગથી આકુળ અનેક સંકલ્પની ચિન્તામાં ડૂબેલા છે તેઓ કદાપિ સત્ય તત્ત્વને પામી (મેળવી) શકતા નથી અને સંસારનાં દુઃખોથી પીડાતા તેઓને સ્વપ્નમાં પણ સમાધિનું સુખ પ્રાપ્ત થતું નથી. (૩૧)

श्लोको वरं परमतत्त्वपथप्रकाशी,
न ग्रन्थकोटिपठनं जनरञ्जनाय ।
संजीवनीति वरमौषधमेकमेव,
व्यर्थः श्रमप्रसननो न तु मूलभारः ॥३२॥

પરમતત્ત્વ (આત્મસુખ)ના માર્ગને જણાવનારો એક જ શ્લોક શ્રેષ્ઠ (બહુ) છે, કિન્તુ જનરઞ્જન માટે ક્રોડો ગ્રન્થોને ભણવા તે શ્રેષ્ઠ નથી. એક જ સંજીવની ઔષધી શ્રેષ્ઠ ઔષધ

છે કે જે મરેલાને સજીવન કરે છે, (મરતાને બચાવે છે) એ સિવાયનો શ્રમ દેનારો મૂળીઆંનો ભારો હોય તો પણ તે શ્રેષ્ઠ નથી. અર્થાત્ ગ્રન્થો ભણવા છતાં આત્મસુખનો માર્ગ ન જાણ્યો તો તે ઘણું પણ જ્ઞાન ભારભૂત છે, ભલે ! એક જ શ્લોક ભણ્યો હોય પણ એમાંથી પોતાનું સુખ (તત્ત્વ) જાણ્યું છે તો તે શ્રેષ્ઠ અને ઘણું જ્ઞાન છે. (૩૨)

तावत् सुखेच्छा विषयादिभोगे,

यावन् मनः स्वास्थ्यसुखं न वेत्ति ।

लब्धे मनःस्वास्थ्यसुखैकलेशे,

त्रैलोक्यराज्येऽपि न तस्य वाञ्छा ॥३३॥

ત્યાં સુધી જ વિષયાદિ ભોગોના સુખની ઈચ્છા રહે છે કે જ્યાં સુધી મન પોતાની સ્વસ્થતાનું - સ્થિરતાનું (નિર્વિકલ્પ દશાનું) સુખ જાણતું નથી. મનની સ્થિરતાના (નિર્વિકલ્પના) આનન્દનો એક લેશ પણ ચાખે (અનુભવે) તો ત્રણ લોકના સામ્રાજ્યની પણ ઈચ્છા તેને રહેતી નથી. અર્થાત્ ત્રણે જગતના સામ્રાજ્ય જેટલા પણ બાહ્ય (જડ) સુખની અપેક્ષાએ નિર્વિકલ્પ મનના આનન્દનો એક લેશ

પણ ઘણું જ સુખ આપે છે. (૩૩)

न देवराजस्य न चक्रवर्तिन-
स्तद्धै सुखं रायुतस्य मन्ये ।
यद्वीतरागस्य मुनेः सदात्म-
निष्ठस्य चित्ते स्थिरतां प्रयाति ॥३४॥

સ્વર્ગમાં જડસુખના રાગી ઇન્દ્રને કે મનુષ્યલોકમાં છ ખણ્ડના ભોક્તા ચક્રવર્તીને પણ તે સુખ નથી કે સદા આત્મસ્વરૂપમાં રમતા વીતરાગી મુનિને ચિત્ત સ્થિર થવાથી જે સુખ હોય છે. અર્થાત્ વૈરાગીનું નિર્વિકલ્પ ચિત્તનું સુખ ત્રણ જગતના સુખ કરતાં ઘણું જ વધારે છે. (૩૪)

यथा यथा कार्यशताकुलं वै,
कुत्रापि नो विश्रमतीह चित्तम् ।
तथा तथा तत्त्वमिदं दुरापं,
हृदि स्थितं सारविचारहीनैः ॥३५॥

જેમ જેમ સેંકડો કાર્યોમાં આકુળ ચિત્ત કોઈ વિષયમાં શાન્ત થતું નથી. વિકલ્પોની જાળમાં ગૂંથાએલું રહે છે તેમ

તેમ તત્ત્વના વિચારથી વઞ્ચિત આત્માઓ હૃદયમાં રહેલા તત્ત્વને - શમસુખને દુર્લભ બનાવે છે, અર્થાત્ નિર્વિકલ્પ મન વિના તત્ત્વનો આનન્દ દુર્લભ છે. (૩૫)

शमसुखरसलेशात् द्वेष्यतां संप्रयाता,
विविधविषयभोगात्यन्तवाञ्छाविशेषाः ।
परमसुखमिदं यद् भुज्यतेऽन्तः समाधौ,
मनसि यदि तदा ते शिष्यते किं वदान्यत् ॥३६॥

પ્રશમ સુખના રસનો લેશ માત્ર ચાખવાથી અનાદિ કાલીન વિવિધ વિષયોના ભોગની ભિન્ન ભિન્ન અત્યન્ત વાઞ્છાઓ દ્વેષનું પાત્ર બનશે. અર્થાત્ એ વિષયભોગની વાઞ્છાઓ પ્રત્યે તને સહજ ઉપેક્ષા થશે. ત્યારે જ તું સમાધિમાં રમતા ત્હારા મનમાં પરમ સુખનો રસાસ્વાદ ભોગવીશ. આટલું કહ્યા પછી હવે તું કહે કે તને બીજી શું શિખામણ આપું? (અર્થાત્ નિર્વિકલ્પ પ્રશમ રસ મગ્ન મનમાં સમાધિનો તું જે આનન્દ ભોગવીશ, તે જ સાચો, સ્વાધીન અને નિત્ય આનન્દ હશે તે સિવાય બીજો કોઈ પણ જડસુખનો આનન્દ ઠગારો નિવડશે. આખરે તને દુઃખી કરશે, આથી તને વધારે

શું કહું ? અર્થાત્ એ એક જ શિખામણ ઘણી છે.) (૩૬)

॥ ઇતિ હૃદયપ્રદીપષટ્ત્રિંશિકા સાર્થા સમાપ્તા ॥

## कलिकालसर्वज्ञश्री
## हेमचंद्राचार्यचरणकजचञ्चरीक-
## परमार्हतश्रीकुमारपालभूपालविरचितं
# ॥ साधारणजिनस्तवनम् ॥

**(સંસ્કૃત સ્તુતિ)**

**नम्राखिलाखण्डलमौलिरत्न -**
**रश्मिच्छटापल्लवितांह्रिपीठ ! ।**
**विध्वस्तविश्वव्यसनप्रबन्ध !**
**त्रिलोकबन्धो जयताज्जिनेन्द्र ! ॥१॥**

નમ્ર એવા સમગ્ર ઇંદ્રોના મુકુટોઉપર રહેલા રત્નોના કિરણોના ફેલાવાથી કાંતિમય થયું છે પાદપીઠ જેમનું અને નાશ કર્યો છે જગતનો દુઃખસમૂહ જેમણે એવાં ત્રણલોકના બંધુ હે જિનેન્દ્ર ! આપ જય પામો.

मूढोऽस्म्यहं विज्ञपयामि यत्त्वा -
मपेतरागं भगवन् ! कृतार्थम् ।
न हि प्रभूणामुचितस्वरुप -
निरूपणाय क्षमतेऽर्थिवर्गः ॥२॥

હે ભગવન્ ! નિર્બુદ્ધિ એવો હું રાગરહિત એવા કૃતાર્થ એવા આપને વિજ્ઞપ્તિ કરૂં છું. ખરેખર ! સેવક વર્ગ માલીકને ઉચિત સ્વરૂપ નિરૂપણ કરવા માટે સમર્થ થતો નથી. (૨)

मुक्तिं गतोऽपीश ! विशुद्धचित्ते
गुणाधिरोपेण ममासि साक्षात् ।
भानुर्दवीयानपि दर्पणेंशु -
सङ्गन्न किं द्योतयते गृहान्तः ? ॥३॥

હે સ્વામિન્ ! આપ મુક્તિને વિષે ગયા હોવા છતાં પણ મારા નિર્મલ ચિત્તને વિષે આપના ગુણોનો આરોપ કરવા વડે આપ મને સાક્ષાત્ છો. અત્યંત દૂર એવો પણ સૂર્ય, દર્પણમાં કિરણોના સંગથી, ઘરની અંદર શું પ્રકાશ નથી કરતો ? (૩)

तव स्तवेन क्षयमङ्गभाजां
भजन्ति जन्मार्जितपातकानि ।
कियच्चिरं चण्डरुचेर्मरीचि -
स्तोमे तमांसि स्थितिमुद्वहन्ति ? ॥४॥

આપના સ્તવનવડે પ્રાણીઓના અનેક ભવોનાં એકઠાં કરેલાં પાપો ક્ષય પામે છે. સૂર્યનાં કિરણોના સમૂહની હાજરીમાં અંધકાર ક્યા સુધી ટકી શકે ? (૪)

शरण्य ! कारुण्यपरः परेषां
निहंसि मोहज्वरमाश्रितानाम् ।
मम त्वदाज्ञां वहतोऽपि मूर्ध्ना
शान्ति न यात्येष कुतोऽपि हेतोः ? ॥५॥

હે શરણ કરવા લાયક ભગવન્ ! કરૂણા કરવામાં તત્પર એવા પાપ, આપનો આશ્રય કરીને રહેલા એવા બીજાઓના મોહજવરને હણો છો પરંતુ આપની આજ્ઞાને મસ્તક ઉપર વહન કરતા એવા મારા આ મોહજ્વરની, કોણ જાણે ક્યા કારણથી શાન્તિ થતી નથી ? (૫)

भवाटवीलंघनसार्थवाहं
त्वामाश्रितो मुक्तिमहं यियासुः ।
कषाय चौरैर्जिन ! लुप्यमानं
रत्नत्रयं मे तदुपेक्षसे किम् ? ॥६॥

મુક્તિમાં જવાની ઈચ્છાવાળો હું ભવરૂપી અટવીનું ઉલ્લંઘન કરાવવામાં સાર્થવાહ સમાન એવા આપનો આશ્રય કરીને રહેલો છું. તો પણ હે જિન ! કષાય રૂપી ચોરો વડે કરીને ચોરાતા એવા મારા અમૂલ્ય ત્રણ રત્નોની આપ ઉપેક્ષા કેમ કરો છો ? (૬)

लब्धोऽसि स त्वं मयका महात्मा
भवाम्बुधौ बंभ्रमता कथंचित् ।
आः पापपिण्डेन नतो न भक्त्या
न पूजितो नाथ ! न तु स्तुतोऽसि ॥७॥

ભવ સમુદ્રમાં રખડતા એવા મને કોઈ પ્રકારે મહા મુશીબતે આપ મહાત્મા મળ્યા છો. પરંતુ ખેદની વાત છે કે

પાપપિંડ એવા મારા વડે ભક્તિથી હે નાથ ! આપને ન નમાયું, ન પૂજાયું કે ન સ્તુતિ પણ કરાયી. (૭)

संसारचक्रे भ्रमयन् कुबोध -
दण्डेन मां कर्ममहाकुलालः ।
करोति दुःखप्रचयस्थभाण्डं
ततः प्रभो ! रक्ष जगच्छरण्य ! ॥८॥

આ સંસાર ચક્રમાં કર્મરૂપી મોટો કુંભાર કુબોધરૂપી દંડવડે ભમાવતો મને દુઃખના સમૂહનું ભાજન કરે છે. તે માટે હે પ્રભો ! હે જગતનાં શરણભૂત ! આપ મારૂં રક્ષણ કરો. (૮)

कदात्वदाज्ञाकरणाप्ततत्त्व-
स्त्यक्त्वा ममत्वादिभवैककन्दम् ।
आत्मैकसारो निरपेक्षवृत्ति-
र्मोक्षेऽप्यनिच्छो भवितास्मि ! नाथ ? ॥९॥

હે નાથ ! આપની આજ્ઞો કરવાથી પ્રાપ્ત થયું છે તત્ત્વ જેને એવો હું આ સંસારના મૂળ કારણરૂપ મમત્વાદિકનો

ત્યાગ કરીને, આત્મા એજ તત્ત્વ છે એમ માનતો, સંસારથી નિરપેક્ષ વર્તનવાળો અને મોક્ષની પણ ઈચ્છા વિનાનો ક્યારે થઈશ ? (૯)

**तव त्रियामापतिकान्तिकान्तै -**
**र्गुणैर्नियम्यात्ममनः प्लवङ्गम् ।**
**कदा त्वदाज्ञाऽमृतपानलोलः**
**स्वामिन् ! परब्रह्मरतिं करिष्ये ? ।।१०।।**

હે સ્વામિન્ ! આપના ચંદ્ર કાંતિ સરખા મનોહર ગુણોરૂપી દોરી વડે મારામન રૂપી વાનરને બાંધીને આપની આજ્ઞારૂપી અમૃતના પાનમાં લયલીન થએલો હું ક્યારે આત્મસ્વરૂપમાં આનંદ કરીશ ? (૧૦)

**एतावतीं भूमिमहं त्वदंह्रि -**
**पद्मप्रसादाद्गतवानधीश ! ।**
**हठेन पापास्तदपि स्मराद्या**
**ही मामकार्येषु नियोजयन्ति ।।११।।**

હે સ્વામિન્ ! હું આપના ચરણકમળની કૃપાથી આટલા ઉચ્ચ સ્થાનને પામ્યો છું. છતાં ખેદની વાત છે કે બળાત્કારથી કામવિકારાદિ પાપકર્મો મને નહિ કરવા લાયક એવી પ્રવૃત્તિઓમાં અત્યંત જોડે છે. (૧૧)

**भद्रं न किं त्वय्यपि नाथनाथे**
**सम्भाव्यते मे यदपि स्मराद्याः ।**
**अपाक्रियन्ते शुभभावनाभिः**
**पृष्ठिं न मुञ्चति तथापि पापाः ॥१२॥**

આપ જેવા માલિક માથે હોયે છતે મને ક્યું કલ્યાણ સંભવતું નથી ? અર્થાત્ બધું કલ્યાણ સંભવે છે. જો કે કામ વિકારાદિ શત્રુઓ શુભ ભાવના વડે કરીને દૂર કરાય છે છતાં તે પાપીઓ મારો છેડો મૂકતા નથી. (૧૨)

**भवाम्बुराशौ भ्रमतः कदापि**
**मन्ये न मे लोचनगोचरोऽभूः ।**
**निस्सीमसीमन्तकनारकादि**
**दुःखातिथित्वं कथमन्यथेश ! ॥१३॥**

હે ઈશ ! ભવસમુદ્રમાં ભમતા એવા મને કદાપિ આપનું દર્શન થયું નથી, એમ હું માનું છું. અન્યથા અમર્યાદિત દુ:ખની ખાણરૂપ સીમંતક નારક વગેરે દુ:ખોને ભોગવનારો હું કેવી રીતે થાઉં ? (૧૩)

चक्रासिचापांकुशवज्रमुख्यैः
सल्लक्षणैर्लक्षितमंह्रियुग्मम् ।
नाथ ! त्वदीयं शरणं गतोऽस्मि
दुर्वारमोहादिविपक्षभीतः ॥१४॥

હે નાથ ! દુ:ખે કરીને નિવારી શકાય તેવા મોહ વગેરે શત્રુથી ભય પામેલો હું ચક્ર, તરવાર, ધનુષ, વજ્ર પ્રમુખ શુભ લક્ષણો વડે અલંકૃત એવું જે આપનું ચરણયુગલ, તેના શરણે આવેલો છું. (૧૪)

अगण्य कारुण्य ! शरण्य ! पुण्य !
सर्वज्ञ ! निष्कण्टक ! विश्वनाथ ! ।
दीनं हताशं शरणागतं च
मां रक्ष रक्ष स्मरभिल्लभल्लेः ॥१५॥

હે અગણિત કરુણાવાળા ! હે શરણ કરવા લાયક ! હે પવિત્ર ! હે સર્વ જાણનારા ! હે નિષ્કંટક ! હે જગન્નાથ ! દીન, હતાશ અને શરણાગત એવા મારું કામદેવરૂપી ભીલના ભાલાઓથી રક્ષણ કરો, રક્ષણ કરો. (૧૫)

**त्वया विना दुष्कृतचक्रवालं**
**नान्यः क्षयं नेतुमलं ममेश ! ।**
**को वा विपक्षप्रतिचक्रमूलं**
**चक्रं विना छेत्तुमलं भविष्णुः ? ॥१६॥**

હે સ્વામિન્ ! મારા પાપના સમૂહને ક્ષય કરવા માટે આપના વિના બીજો કોણ સમર્થ છે ? (અર્થાત્ કોઈ નથી) અથવા (એ સાચું છે કે) શત્રુની સેનાના મૂળનો ઉચ્છેદ કરવા માટે ચક્ર વિના બીજું કોણ સમર્થ થઈ શકે છે ? (કોઈ નહિ) (૧૬)

**यद् देवदेवोऽसि महेश्वरोऽसि**
**बुद्धोऽसि विश्वत्रयनायकोऽसि ।**

तेनान्तरङ्गारिगणाभिभूत-

स्तवाग्रतो रोदिमि हा सखेदम् ॥१७॥

જે કારણ માટે આપ દેવના પણ દેવ છો મહેશ્વર છો, બુદ્ધ છો, ત્રણે જગતના નાયક છો અને હું અંતરંગ શત્રુઓથી પરાભવ પામેલો છું, તે કારણ માટે આપની આગળ ખેદ સહિત રૂદન કરૂં છું. (૧૭)

स्वामिन्नधर्म्मव्यसनानि हित्वा

मनः समाधौ निदधामि यावत् ।

तावत्क्रुधेवान्तरवैरिणो मा -

मनल्पमोहान्ध्यवशं नयन्ति ॥१८॥

હે સ્વામિન્ ! જેટલામાં અધર્મો અને વ્યસનોને છોડીને હું મારા મનને સમાધિમાં સ્થાપન કરૂં છું, તેટલામાં તો જાણે ક્રોધથી જ ન હોય તેમ અંતરંગ શત્રુઓ મને અત્યંત મોહાંધતાને પમાડે છે. (૧૮)

त्वदागमाद्वेद्मि सदैव देव !

मोहादयो यन्मम वैरिणोऽमी ।

तथापि मूढस्य परात्तबुद्ध्या
तत्सन्निधौ ही न किमप्यकृत्यम् ॥१९॥

હે દેવ ! આપના આગમ વડે હંમેશાં હું આ મોહાદિકને મારા શત્રુઓ છે, એમ જાણું છું. પણ મૂર્ખ એવા મને ઉત્કૃષ્ટ વિશ્વાસની બુદ્ધિ શત્રુમાં થઈ છે. તેથી મોહાદિકની પાસે રહીને મારાથી ક્યું અકાર્ય ન થાય ? અર્થાત્ મોહાદિકને લીધે પુદ્ગલમાં વિશ્વાસ અગર પુદ્ગલમાં પોતાપણાની બુદ્ધિથી મૂઢ બનેલા એવા મારે કોઈ પણ વસ્તુ ન કરવા લાયક ન રહી, એ ખેદની વાત છે. (૧૯)

म्लेच्छैर्नृशंसैरतिराक्षसेश्च
बिडम्बितोऽमीभिरनेकशोऽहम् ।
प्राप्तस्त्विदानीं भुवनैकवीर !
त्रायस्व मां यत्तव पादलीनम् ॥२०॥

મ્લેચ્છ, નિર્દય અને રાક્ષસોને પણ ટપી જાય એવા આ કામક્રોધાદિ વડે અનેક વખત હું દુઃખ પામ્યો છું. ભુવનને

વિષે એક વીર એવા હે પરમાત્મન્ ! હવે મેં આપને પ્રાપ્ત કર્યા છે. આપના ચરણમાં લીન એવા મારૂં રક્ષણ કરો. (૨૦)

**हित्वा स्वदेहेऽपि ममत्वबुद्धिं**
**श्रद्धापवित्रीकृतसद्विवेकः ।**
**मुक्तान्यसङ्गः समशत्रुमित्रः**
**स्वामिन् ! कदा संयममातनिष्ये ॥२१॥**

હે સ્વામિન્ ! સ્વશરીરને વિષે પણ મમત્વ બુદ્ધિનો ત્યાગ કરીને, શ્રદ્ધા વડે પવિત્ર અંતઃકરણવાળો થઈને, હૃદયમાં શુદ્ધ વિવેક-હેયાદિકનો વિભાગ કરીને, અન્ય સર્વનો સંગ ત્યજીને તથા શત્રુ અને મિત્રને સરખા સમજીને ક્યારે હું સંયમને કરીશ ? (૨૧)

**त्वमेव देवो मम वीतरग !**
**धर्मो भवद्दर्शितधर्म एव ।**
**इति स्वरूपं परिभाव्य तस्मान्**
**नोपेक्षणीयो भवति स्वभृत्यः ॥२२॥**

હે વીતરાગ ! આપજ મારા દેવ છો અને આપે બતાવેલો ધર્મજ મારો ધર્મ છે. એ પ્રકારનું મારૂં સ્વરૂપ વિચારીને આપે આપના સેવક એવી મારી ઉપેક્ષા કરવી લાયક નથી. (૨૨)

**जिता जिताशेषसुरासुराद्याः**
**कामादयः काममभी त्वयेशशि ।**
**त्वां प्रत्यशक्तास्तव सेवकं तु**
**निघ्नन्ति ही मां परुषं रुषैव ॥२३॥**

હે ઈશ ! જીત્યા છે સર્વ દેવ અને દાનવો જેણે એવા આ કામાદિક છે. તેને આપે સર્વથા જીતી લીધા છે. પરંતુ આપને જીતવાને અશક્ત નીવડેલા એવા તે કામાદિક, જાણે ક્રોધથી જ ન હોય તેમ, આપના સેવક એવા મને નિર્દયતાથી હણે છે, એ ખેદની વાત છે. (૨૩)

**सामर्थ्येमेतद्भवतोऽस्ति सिद्धि**
**सत्त्वानशेषानपि नेतुमीश ! ।**

क्रियाविहीनं भवदंह्रिलीनं
दीनं न किं रक्षसि मां शरण्य ! ॥२४॥

हे ईश ! समस्त प्राणीओने मुक्तिमां लई जवानुं आपनुं सामर्थ्य छे. तो पछी क्रियाविहीन, दीन अने आपना चरण कमलमां लीन एवा मने आप केम बचावता नथी ? (२४)

त्वत्पादपद्मद्वितयं जिनेन्द्र !
स्फुरत्यजस्त्रं हृदि यस्य पुंसः ।
विश्वत्रयीश्रीरपि नूनमेति
तत्राश्रयार्थं सहचारिणीव ॥२५॥

हे जिनेन्द्र ! जे पुरुषना अंतःकरणमां आपना चरणकमळनुं युगल हंमेशां स्फुरायमान छे, त्यां नक्की त्रणे जगतनी लक्ष्मी, सहचारिणीनी माफक, आश्रय करवाने आवे छे. (२५)

अहं प्रभो ! निर्गुणचक्रवर्ती
क्रूरो दुरात्मा हतकः सपाप्मा ।
ही दुःखराशौ भववारिराशौ
यस्मान्निमग्नोऽस्मि भवद्विमुक्तः ॥२६॥

हे प्रभो ! हुं निर्गुणीओमां चक्रवर्ती छुं, क्रुर छुं, दुरात्मा छुं, हिंसाखोर छुं अने पापी छुं. जे कारणथी आपनाथी छुटो पडेलो एवो हुं, दुःखनी खाण एवा भवसमुद्रमां. डुबी गयो छुं - ए खेदनी वात छे. (२६)

स्वामिन्निमग्नोऽस्मि सुधासमुद्रे
यन्नेत्रपात्रातिथिरद्य मेऽभूः ।
चिन्तामणौ स्फूर्जति पाणिपद्मे
पुंसामसाध्यो नहि कश्चिदर्थः ॥२७॥

હે સ્વામિન્ ! જે કારણથી આજે આપના દર્શન થયાં, તે કારણથી આજે હું અમૃતના સમુદ્રમાં ડૂબી ગયો છું. જેના

હસ્તકમળમાં ચિંતામણિ રત્ન સ્ફુરાયમાન થયું છે, તેવા પુરૂષને કોઈ પણ વસ્તુ અસાધ્ય નથી જ. (૨૭)

त्वमेव संसारमहाम्बुराशौ
निमज्जतो मे जिन ! यानपात्रम् ।
त्वमेव मे श्रेष्ठसुखैकधाम
विमुक्तिरामाघटनाभिरामः ॥२८॥

હે જિનદેવ! સંસારરૂપી મહા સમુદ્રમાં ડૂબતા એવા મને આપજ પ્રવહણ સમાન છો. અને આપજ ઉત્તમોત્તમ સુખના અદ્વિતીય ધામ છો. તથા મુક્તિરૂપી સ્ત્રીનો સંયોગ કરાવવામાં આપજ અભિરામ - મનોહર છો. (૨૮)

चिन्तामणिस्तस्य जिनेश ! पाणौ
कल्पद्रुमस्तस्य गृहाङ्गणस्थः ।
नमस्कृतो येन सदाऽपि भक्त्या
स्तोत्रैः स्तुतो दामभिरर्चितोऽसि ॥२९॥

હે જિનેશ્વર ! જેણે ભક્તિથી હંમેશાં આપને નમસ્કાર કરેલો છે. સ્તવનો વડે સ્તુતિ કરી છે, અને પુષ્પની માળાઓ વડે પૂજા કરી છે. તેના હાથમાં ચિન્તામણિ રત્ન પ્રાપ્ત થયું છે અને તેના ઘરના આંગણામાં કલ્પવૃક્ષ ઉગ્યો છે. (૨૯)

**निमील्य नेत्रे मनसः स्थिरत्वं**
**विधाय यावज्जिन ! चिन्तयामि ।**
**त्वमेव तावन्न परोऽस्ति देवो**
**निःशेषकर्मक्षयहेतुरत्र ॥३०॥**

હે ભગવન્ ! હું મારા નેત્રો બંધ કરીને તથા મનને સ્થિર કરીને જ્યારે ચિંતવન કરું છું, ત્યારે આ જગત્માં સંપૂર્ણ કર્મક્ષયના કારણભૂત આપજ છો, પણ બીજો કોઈ નથી, એમ સ્પષ્ટ સમજાય છે. (૩૦)

**भक्त्या स्तुता अपि परे परया परेभ्यो**
**मुक्तिं जिनेन्द्र ! ददते न कथञ्चनापि ।**

सिक्ताः सुधारसघटैरपि निम्बवृक्षा
विश्राणयन्ति नहि चूतफलं कदाचित् ॥३१॥

હે જિનેન્દ્ર ! ઉત્કૃષ્ટ ભક્તિથી સ્તુતિ કરાએલા પણ અન્ય દેવો, બીજા પોતાની સ્તુતિ કરવાવાળાને, કોઈ પણ પ્રકારે મુક્તિ આપતા નથી, તે યુક્ત જ છે. કારણ કે અમૃતના ઘડાઓથી સીંચાએલા પણ લીંમડાના વૃક્ષો કોઈપણ કાળે આંબાના ફળને આપતાજ નથી. (૩૧)

भवजलनिधिमध्यान्नाथ ! निस्तार्य कार्यः
शिवनगरकुटुम्बी निर्गुणोऽपित्वयाऽहम् ।
नहि गुणमगुणं वा संश्रितानां महान्तो
निरुपमकरुणार्द्राः सर्वथा चिन्तयन्ति ॥३२॥

હે નાથ ! ગુણ રહિત એવા પણ મને આપે સંસાર સમુદ્રના મધ્યભાગથી નિસ્તાર કરીને મોક્ષનગરનો કુટુંબી કરવો જ જોઈએ. કારણ કે અદ્વિતીય દયાથી આર્દ્ર થએલા

મહાન પુરૂષો આશ્રયે આવેલાઓના ગુણ અગર અવગુણને સર્વથા ચિંતવતા નથી. (૩૨)

प्राप्तस्त्वं बहुभिः शुभैस्त्रिजगतश्चूडामणिर्देवता
निर्वाणप्रतिभूरसावपि गुरुः श्रीहेमचन्द्रप्रभुः ।
तन्नातः परमस्ति वस्तु किमपि स्वामिन् । यदभ्यर्थये
किन्तु त्वद्वचनादरः प्रतिभवं स्ताद्धर्धमानो मम ॥३३॥

ઘણા પુણ્યોએ કરીને ત્રણ જગતના મુકુટમણિ સમાન અને મોક્ષના સાક્ષી એવા આપ દેવ અને આ શ્રી હેમચંદ્ર પ્રભુ ગુરૂ પ્રાપ્ત થએલા છો. તેથી કરીને હે સ્વામિને ! આનાથી બીજી કોઈ પણ ઉત્કૃષ્ટ ચીજ નથી કે જેની હું આપની પાસે યાચના કરૂં. કિન્તુ ભવોભવ આપના વચનોને વિષે મારો આદર વધતો રહે, એવી હું અભ્યર્થના કરૂં છું. (૩૩)

* * *

# સ્થાપનાચાર્ય પડિલેહણ વખતે બોલવાના બોલ

શુદ્ધ સ્વરુપના ધારક ગુરુ
જ્ઞાનમય, દર્શનમય,
ચારિત્રમય, શુદ્ધ શ્રદ્ધામય,
શુદ્ધ પ્રરુપણામય,
શુદ્ધ સ્પર્શનામય, પંચાચાર
પાલે
મન ગુ ... ગુપ્તિ,
કાય ગુપ્તિએ ગુપ્તા

Serving JinShasan
173411
gyanmandir@kobatirth.org

VIRAL TRADERS 98248 94933